Wednesday, 18 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક


વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૨૩ ● સંવત-૨૦૮૩ કારતક સુદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



મારી એક જ ઈચ્છા છે કે ભારત એક ઉત્પાદક રાષ્ટ્ર બને અને દેશમાં કોઈ ભૂખ્યું ન રહે, તથા ખોરાક માટે કોઈ આંસુ ન વહાવે.
- સરદાર વલ્લભભાઈ પટેલ

શિક્ષણ અધિકાર કાયદા (આર.ટી.ઈ.)હેઠળ

સંઘપ્રદેશની ખાનગી શાળાઓમાં ધોરણ ૧માં ૨૫ ટકા બેઠકો પર મળશે મફત પ્રવેશ: દમણ જિલ્લામાં ૩૦૭ બેઠકો અનામત રહેશે

કેન્દ્રશાસિત પ્રદેશમાં કુલ ૯૪૩ બેઠકો ઉપલબ્ધ હોવાથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં જાહેર રજાઓ સિવાય, જિલ્લા શિક્ષણ કચેરીમાં કામકાજના કલાકો દરમિયાન અરજીઓ સ્વીકારવામાં આવશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૭

શિક્ષણ અધિકાર કાયદા(રાઈટ ટુ એજ્યુકેશન), ૨૦૦૯ હેઠળ, દાદરા નગર હવેલી અને દમણ - દીવ કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨૦૨૭-૨૮ શૈક્ષણિક સત્ર માટે ખાનગી, બિન-સહાયિત, માન્ય પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવા માટે એક સૂચના જારી કરવામાં આવી છે. શિક્ષણ નિયામક, દમણે ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આ સંદર્ભમાં એક જાહેરાત જારી કરી હતી.

જાહેરાત અનુસાર, ખાનગી શાળાઓમાં કુલ વર્ગ ૧ બેઠકોમાંથી ૨૫ ટકા સુધીની બેઠકો વંચિત જૂથો અને નબળા વર્ગના બાળકો માટે અનામત રાખવામાં આવશે. આ યોજના હેઠળ કેન્દ્રશાસિત પ્રદેશમાં કુલ ૯૪૩ બેઠકો ઓફર કરવામાં આવશે. આમાંથી, દાદરા નગર હવેલી જિલ્લામાં ૬૧૫, દમણ જિલ્લામાં ૩૦૭ અને દીવ જિલ્લામાં ૨૧ બેઠકો અનામત રાખવામાં આવી છે. જાહેરનામામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે દાદરા નગર હવેલી અને દમણ - દીવ કેન્દ્રશાસિત પ્રદેશોના ડોમિસાઈલ પ્રમાણપત્રો ધરાવતા અરજદારોને પ્રવેશમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

શિક્ષણ નિયામક દ્વારા જાહેર કરાયેલ શાળાવાર યાદી અનુસાર, દમણ જિલ્લાની ૧૪ ખાનગી શાળાઓમાં RTE હેઠળ કુલ ૩૦૭ બેઠકો અનામત રાખવામાં આવી છે. દમણ જિલ્લાની કેટલીક અગ્રણી શાળાઓમાં અનામત બેઠકો છે જેમાં વિધિક નિકેતન (૭), કોસ્ટ ગાર્ડ પબ્લિક સ્કૂલ (૩૨), દિવ્ય જ્યોતિ ઈંગ્લિશ હાયર સેકન્ડરી સ્કૂલ (૫૧), દિવ્ય જ્યોતિ હિન્દી માધ્યમ શાળા (૭), હોલી ટ્રિનિટી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (૩૧), સાર્વજનિક વિદ્યાલય (૯), શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય (૩૬), શ્રી માતાજી મહાજન મારુતિ શાળા (૩૦), શ્રીનાથજી શાળા (૨૭), સરરાજ ચેમ્પ્સ શાળા (૩૩), સ્વામી વિવેકાનંદ અંગ્રેજી માધ્યમ (૪), સ્વામી વિવેકાનંદ હિન્દી માધ્યમ (૧), સોમાની ક્વોન્ટમ શાળા (૯) અને વાત્સલ્ય શાળા (૩૦)નો સમાવેશ થાય છે.

સ્થાનિક રહેવાસીઓને મળશે પ્રાથમિકતા

સૂચનામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે દાદરા નગર હવેલી અને દમણ - દીવ કેન્દ્રશાસિત પ્રદેશમાંથી ડોમિસાઈલ પ્રમાણપત્ર ધરાવતા અરજદારોને પ્રાથમિકતાના ધોરણે પ્રવેશ મળશે. માતા-પિતા વહીવટીતંત્રની સત્તાવાર વેબસાઈટ પરથી નિર્ધારિત અરજી ફોર્મ અને અન્ય દસ્તાવેજો ઑનલાઈન ડાઉનલોડ કરી શકે છે. શિક્ષણ નિયામકશ્રીની આ પહેલ આર્થિક રીતે નબળા અને વંચિત પરિવારોના બાળકોને ખાનગી શાળાઓમાં તેમના બાળકોને શિક્ષણ આપવાની તક પૂરી પાડશે.

કયા બાળકો પ્રવેશ માટે પાત્ર રહેશે?

સૂચના મુજબ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પછાત વર્ગના બાળકો, ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા બાળકો, HIV/AIDSથી પ્રભાવિત બાળકો અથવા HIV/AIDSથી પ્રભાવિત પરિવારના સભ્ય સાથે જીવતા બાળકો, અનાથ બાળકો અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકો જેમની વાર્ષિક કૌટુંબિક આવક ₹૧ લાખથી વધુ ન હોય તેઓ પ્રવેશ માટે પાત્ર રહેશે.

ધોરણ ૧માં પ્રવેશ માટે, બાળક ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૭ સુધીમાં ૬ વર્ષનું હોવું જોઈએ. સૂચના મુજબ, ૧ ઓક્ટોબર, ૨૦૨૦ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ (બંને તારીખો સહિત) વચ્ચે જન્મેલા બાળકો અરજી કરવા પાત્ર રહેશે.

પાત્ર માતા-પિતાએ નિર્ધારિત અરજી ફોર્મ ભરીને જરૂરી દસ્તાવેજો સાથે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં દમણ સ્થિત સંબંધિત કચેરીઓમાં સબમિટ કરવાનું રહેશે. જાહેર રજાઓ સિવાય, જિલ્લા શિક્ષણ કચેરીમાં કામકાજના કલાકો દરમિયાન અરજીઓ સ્વીકારવામાં આવશે. દાદરા નગર હવેલી જિલ્લાના અરજદારો તેમની અરજીઓ જિલ્લા શિક્ષણ કાર્યાલય, સેલવાસ અથવા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા (મરાઠી માધ્યમ), ખાનવેલ ખાતે સબમિટ કરી શકે છે. દીવ જિલ્લાના અરજદારો તેમની અરજીઓ જિલ્લા શિક્ષણ કાર્યાલય, દીવ ખાતે સબમિટ કરી શકે છે.

જાતિ પ્રમાણપત્ર, નિવાસ પ્રમાણપત્ર, બાળકનું જન્મ પ્રમાણપત્ર, રહેઠાણનો પુરાવો, મામલતદાર દ્વારા જારી કરાયેલ પિતા-વાલીનું આવકનું પ્રમાણપત્ર (વર્ષ ૨૦૨૫-૨૬ અથવા ૨૦૨૬-૨૭ માટે), અપંગ બાળકો માટે ૪૦ ટકા કે તેથી વધુ અપંગતાનું પ્રમાણપત્ર, વાલીનું સોગંદનામું (જ્યાં લાગુ પડે), HIV/AIDSગ્રસ્ત બાળકો અથવા અસરગ્રસ્ત પરિવારના સભ્ય સાથે રહેતા બાળકોનો પુરાવો, અનાથ બાળકોનો પુરાવો જરૂરી રહેશે.

કેન્દ્રીય મંત્રી એસ. પી. સિંહ બઘેલે ભુજ ખાતેની બેઠકમાં

પંચાયતોની નાણાકીય આત્મનિર્ભરતા પર મૂકલો ભાર

દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલે બેઠકમાં લીધેલો ભાગ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ભૂજ, તા.૧૭

કેન્દ્રીય પંચાયતી રાજ રાજ્ય મંત્રી પ્રો. એસ. પી. સિંહ બઘેલે મંગળવારે કચ્છના ભુજ ખાતે 'પંચાયતી રાજ સંસ્થાઓમાં આવકના પોતાના સ્રોતોનું એકત્રીકરણ' વિષય પરની સલાહકાર સમિતિની બેઠકમાં ભાગ લીધો હતો.

આ બેઠકમાં પંચાયતી રાજ સંસ્થાઓની નાણાકીય સ્વાયત્તતાને મજબૂત કરવા, તેમની પોતાની આવક ઊભી કરવાની ક્ષમતા વધારવા અને ટકાઉ ગ્રામીણ વિકાસ માટે નાણાકીય સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

વિચાર-વિમર્શમાં ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે પાયાના સ્તરના શાસનને વધુ નાણાકીય રીતે સ્વતંત્ર, કાર્યક્ષમ અને જવાબદાર બનાવવાના મહત્ત્વને પણ રેખાંકિત કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં લોકસભાના સાંસદો શ્રીમતી ગેનીબેન નાગાજી ઠાકોર અને શ્રી ઉમેશભાઈ બાબુભાઈ પટેલ, પંચાયતી રાજ મંત્રાલયના સચિવ શ્રી વિનીત જોશી, સંયુક્ત સચિવો શ્રીમતી મુક્તા શેખર અને શ્રી રાજેશ કુમાર સિંહ, અધિક વિકાસ કમિશનર શ્રી યોગેશ નિર્ગુડે, પંચાયતી રાજ મંત્રાલયના નાયબ સચિવ શ્રી દીપેન્દ્ર સિંહ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં મજબૂત ગ્રામીણ ભારતના નિર્માણ અને 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાના પાયા તરીકે સશક્ત, નાણાકીય રીતે સુદૃઢ અને આત્મનિર્ભર પંચાયતોના મહત્ત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

'ક્લાસરૂમ મેનેજમેન્ટ-(વર્ગખંડ વ્યવસ્થાપન)' વિષય પર

વાત્સલ્ય સ્કૂલ, મોટી દમણમાં શિક્ષકો માટે બે દિવસીય સીબીએસઈ ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ યોજાયો

તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષકોને વર્ગ વ્યવસ્થાપન કૌશલ્યને વિકસિત કરવા તથા વિદ્યાર્થીઓ માટે સકારાત્મક, અનુશાસિત અને પ્રભાવશાળી શિક્ષણના વાતાવરણનું નિર્માણ કરવાનો હતો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૭

વાત્સલ્ય સ્કૂલ, મોટી દમણમાં તા.૧૬ અને ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ 'ક્લાસરૂમ મેનેજમેન્ટ-(વર્ગખંડ વ્યવસ્થાપન)' વિષય પર બે દિવસીય સીબીએસઈ ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષકોને વર્ગ વ્યવસ્થાપન કૌશલ્યને વિકસિત કરવા તથા વિદ્યાર્થીઓ માટે સકારાત્મક, અનુશાસિત અને પ્રભાવશાળી શિક્ષણના વાતાવરણનું નિર્માણ કરવાનો હતો.

આ તાલીમ કાર્યક્રમમાં સંસાધન વ્યક્તિઓના રૂપમાં અદ્વૈતા ગુરુકુલ દાનહના આચાર્ય ડો. રાજેશ્વરી નાયર અને અદ્વૈતા ગુરુકુલના પીજીટી શ્રીમતી લક્ષ્મી શર્મા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૫૫ જેટલા શિક્ષકોએ ખુબ જ ઉત્સાહ અને સક્રિય રીતે ભાગ લીધો હતો.

પ્રારંભમાં કાર્યક્રમનો શુભારંભ દીપ પ્રજ્વલન કરીને કરવામાં આવ્યો હતો. તાલીમ સત્ર અત્યંત જ્ઞાનવર્ધક, રોચક અને સંવાદાત્મક રહેવા પામ્યું હતું. આ સત્રોના માધ્યમથી શિક્ષકોને પ્રભાવશાળી વર્ગ વ્યવસ્થાપનની વિવિધ ટેકનિકલ અને રણનીતિઓની જાણકારી પ્રાપ્ત થઈ હતી. સાથે શિક્ષકોએ પોતાના અનુભવોની આપ-લે કરી હતી અને વર્ગમાં આવનારા વિવિધ પડકારોનું પ્રભાવી સમાધાન શીખવાનો અવસર ઝડપી લીધો હતો.

કાર્યક્રમનું સમાપન અને આભાર વિધિ વાત્સલ્ય સ્કૂલના પ્રભારી આચાર્ય શ્રી એ. સુબ્બારાવ દ્વારા કરવામાં આવી હતી. તેમણે સંસાધન વ્યક્તિઓએ આપેલું યોગદાન તથા માર્ગદર્શન અને તમામ ભાગીદારોની ઉત્સાહપૂર્વકની હાજરી માટે અભિનંદન પાઠવ્યા હતા.

આ તાલીમ કાર્યક્રમને સફળ બનાવવા માટે મેનેજર શ્રી અપૂર્વ પાઠક, ડાયરેક્ટર શ્રીમતી નિમિષા પાઠક, શાળાના શિક્ષકો અને વહીવટી કર્મચારીઓનું અમૂલ્ય યોગદાન રહ્યું હતું.

માહ્યાવંશી અવસાન બેસણું-ઉત્તરક્રિયા

અમારા પરિવારના બહુમૂલ્ય મોભી અને હૃદયથી પ્રિય **શ્રી અનિલભાઈ લલ્લુભાઈ પરમાર**નું તારીખઃ ૧૫.૧૧.૨૦૨૬ને રવિવારની રાત્રિએ અવસાન થતા અમારા પરિવાર ઉપર દુઃખનો પહાડ તુટી પડ્યો છે. સદ્‌ગતના આત્માને પ્રભુ ચિર શાંતિ આપે અને અમારા પરિવાર ઉપર હંમેશા તેમની છાયા અકબંધ રહે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના.

બેસણુ
તારીખઃ ૨૨/૧૧/૨૦૨૬,
વારઃરવિવાર
સમયઃ બપોરે ૨:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી

ઉત્તર ક્રિયા
તારીખ : ૨૬/૧૧/૨૦૨૬,
વારઃ ગુરુવાર



શોકમગ્ન પરિવાર

પિતાશ્રી : સ્વ. લલ્લુભાઈ રવજીભાઈ પરમાર
માતાશ્રી : ગં.સ્વ. મીરાબેન લલ્લુભાઈ પરમાર
ધર્મપત્ની : કાજલબેન અનિલભાઈ પરમાર
ભાઈ : ભૂપેશભાઈ લલ્લુભાઈ પરમાર
વહુ : કિંજલબેન ભૂપેશભાઈ પરમાર
પુત્રી : મેશ્વી અનિલભાઈ પરમાર
પુત્ર : રિવાન અનિલભાઈ પરમાર
ભત્રીજો : હેત ભૂપેશભાઈ પરમાર
ભાઈઃ હરીશભાઈ ફકીરભાઈ
બેનઃ સ્વ.કલ્પનાબેન મિતેશભાઈ ઝોરાવલ-કુંભારીયા
બેનઃ રેખાબેન તુષારભાઈ ગોસાવી-ભામટી
બેનઃ દિપ્તીબેન જીતેશભાઈ પરિયાકર-પરિયા
ભાણેજઃ નિરાલી ઝોરાવલ, હેલી ઝોરાવલ, માસ્ટર દિવ્ય ઝોરાવલ, કાવ્ય ગોસાવી, પર્વ ગોસાવી, પલ પરિયાકર તથા સમસ્ત પરિવાર

સ્વ. અનિલભાઈ લલ્લુભાઈ પરમાર

ગામ-પંડોર



ૐ શાંતિ

દિવંગત આત્માને શાંતિ આપે

-:નિવાસ સ્થાનઃ-
ગામ-પંડોર, વાડી ફળિયા તા. વાપી, જી. વલસાડ



સુવિચાર - સદ્‌વિચાર

દરેક વિપરીત પરિસ્થિતિમાં પણ તક હોય છે,
તેને ઓળખવી એ બુદ્ધિ છે, વિચાર ઊંડો રાખો.

કવિતા

જીવન કાં બદલાઈ ગયું?

જો કોઈ મને પૂછે; તારું આ જીવન કાં બદલાઈ ગયું?
હું ટૂંકો ઉત્તર વાળું છું ભોળું હૈયું લલચાઈ ગયું!
હરરોજ મુકદ્દર કરતુંતું બહુ મમતાથી સ્વાગત મારું.
જ્યાં ડગ દીધા ત્યાં કાંટાનું એક પાથરણું પથરાઈ ગયું
હૈયામાં હોળી બળતીતી, બે આંખ હંમેશાં ગળતીતી,
ફાગણ-શ્રાવણની પૂનમનું એક સાથ પરવ ઉજવાઈ ગયું!
તેઓને હસતાં દેખીને ના રોઈ શકાયું મારાથી,
દુખિયા દિલને સંતોષ થયો ટાણું તો સરસ સચવાઈ ગયું
પૂછો વિદ્વતજનને પૂછો; શું અર્થ ફરી ગ્યા શબ્દોના?
આ ચાર દિવસનું ચાંદરણું કાં દી ઊગતાં સંતાઈ ગયું?
નહીં તો આ પ્રણયની ગાથા તો એક નાની સરખી વાત હતી,
પણ બખિયા ભરવા બેઠો ત્યાં ઝીણું ઝીણું કંતાઈ ગયું.
જીવનની સફળતાનો છૂપો ઈતિહાસ તમે એને પૂછો-
એ શાખ જનાઝો પૂરે છે, આંસુથી કફન ભિંજાઈ ગયું.
ક્યારેક મિલનની મોજ-મઝા, ક્યારેક વિરહની લાખ વ્યથા,
લો બે જ શબદમાં જીવનનું પુસ્તક આખું વંચાઈ ગયું.
દિલહર આ મારું મૃત્યુ તો એક સીધી સાદી વાત હતી,
થાકેલ ઉતારું જાણે કે ઝોલું લેવા લંબાઈ ગયું!

- દિલહર સંઘવી

આજની જોક

ઓફિસનો મેનેજર : 'આ ટેબલ પરની ધૂળ તો જુઓ! જાણે પંદર દિવસથી એને સાફ જ કર્યું નથી.'
કામવાળી : 'સાહેબ, એમાં મારો વાંક કાઢશો નહિ. હું તો હજી આઠ દિવસથી જ અહીં આવી છું.'

કબીર વાણી



સદ્‌ગુરૂકે મહિમા અનન્ત, જીને અનન્ત કિયા ઉપકાર;
અનન્ત લોચન ઉઘાડ્યા, અનન્ત દિખાવન હાર.

-અર્થાત-

સદ્‌ગુરૂની મોટાઈની કાંઈ હદ નથી, સદ્‌ગુરૂના ઉપકારની કાંઈ હદ નથી. આપણી અંતર દ્રષ્ટિ સદ્‌ગુરૂ ઉઘાડી આપે, તેની જોવાની શક્તિની કાંઈ હદ નહિ; ને પરમેશ્વર સાથે આપણો મેળાપ કરાવી આપે; તેની રેહવાની જગાની કાંઈ હદ નહિ, અને તેના જીવવાના વખતની કાંઈ હદ નહિ એવો સદ્‌ગુરૂ છે.

ચાણક્ય ઉવાચ




व्यायासनकृतैर्जातैर्विद्या विंदते नरः।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः।

-અર્થાત-

મહેનત અને પરિશ્રમ કરવાથી જ વિદ્યા અને સફળતા મળે છે. સૂતેલા સિંહના મોંમાં જાતે કોઈ હરણ (શિકાર) પ્રવેશતું નથી, તેને શિકાર માટે મહેનત કરવી જ પડે છે.

આજનો દિન વિશેષ

શ્રી યોગેન્દ્ર



મણિભાઈ હરિભાઈ દેસાઈ (૧૮૯૭ - ૧૯૮૯), (શ્રી) યોગેન્દ્ર તરીકે જાણીતા ભારતીય યોગ ગુરુ, લેખક, કવિ, સંશોધક હતા અને હઠ યોગના આધુનિક પુનરુત્થાનમાં એક મહત્વપૂર્ણ વ્યક્તિ હતા, બંને ભારતમાં અને યુનાઈટેડ સ્ટેટ્સ. તેઓ ૧૯૧૮માં સ્થપાયેલા વિશ્વના સૌથી જૂના સંગઠિત યોગ કેન્દ્ર, યોગ સંસ્થાના સ્થાપક હતા. તેમને ઘણીવાર આધુનિક યોગ પુનરુજ્જીવનના પિતા તરીકે ઓળખવામાં આવે છે. તેઓ આસનની પ્રેક્ટિસને પુનર્જીવિત કરવા અને ત્યાગી સિવાયના લોકો માટે યોગને સુલભ બનાવવા માટે જવાબદાર વ્યક્તિઓમાંના એક હતા.

યોગેન્દ્રએ યોગ શીખવવા માટે આધુનિક પદ્ધતિઓની શોધ કરી, યોગમાં સંશોધન શરૂ કર્યું, ખાસ કરીને યોગ ઉપચારના ક્ષેત્રમાં. તેમણે યોગ પર અનેક પુસ્તકો લખ્યા અને ૧૯૩૩માં યોગા જર્નલની શરૂઆત કરી. તેઓ ''મસ્તમણી'' ઉપનામથી લખતા કવિ પણ હતા. તેમણે રવીન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિનો ગુજરાતીમાં અનુવાદ કર્યો.

બ્યુટી ટીપ્સ : પિકનીક ડ્રેસઅપ

એક ઉત્તમ પિકનિક આઉટફિટ આરામ, શ્વાસ લેવાની ક્ષમતા અને ઘાસ પર બેસવા અથવા બહાર ફરવા માટે સરળ શૈલીને સંતુલિત કરે છે.

લોકપ્રિય પિકનિક આઉટફિટ આઈડિયાઝ : ફ્લોટી સ્મોક અને ટાયર્ડ ડ્રેસ હળવા કોટન, કેમ્બ્રિક અથવા ફ્લોરલ મિડી ડ્રેસ (જેમ કે હોલ્ટર-નેક ચેરી પિકનિક ડ્રેસ અથવા બેરી પિકનિક ડ્રેસ) ક્લાસિક, હૂંફાળું દેખાવ આપે છે.

કેઝ્યુઅલ કો-ઓર્ડ્સ અને જમ્પસૂટ: હેમ્પ-કોટન અથવા મેચિંગ લિનન કો-ઓર્ડ સેટમાં ધ પિકનિક જમ્પસૂટ જેવા રિલેક્સ્ડ-ફિટ વિકલ્પો તમને પુટ-ટુગેધર દેખાતી વખતે હલનચલનની સ્વતંત્રતા આપે છે. ક્રોપ ટોપ્સ અને હાઈ-વેસ્ટેડ જીન્સ ફ્લેર અથવા સ્ટ્રેટ-કટ જીન્સ અને આરામદાયક સ્નીકર્સ સાથે પિંક પિકનિક પેચ શર્ટ જેવા મનોરંજક ગિંગહામ અથવા પેટર્નવાળા પીસને જોડો.

આવશ્યક કાપડ અને પ્રિન્ટ : કાપડ શુદ્ધ સુતરાઉ, શણ, શણ મિશ્રણો, અને હળવા વજનના વિસ્કોસ.

પ્રિન્ટ અને રંગો: ગિંગહામ ચેક્સ, સૂક્ષ્મ પટ્ટાઓ, નરમ ફૂલો, અથવા સેજ ગ્રીન, ગુલાબી, આકાશ વાદળી અને સફેદ જેવા તાજા લાઈટ શેડોસ, પિકનીકમાં ફૂટવેર સેન્ડલ, બ્લોક હીલ્સ, અથવા સ્વચ્છ સફેદ ટ્રેનર્સ (ઘાસમાં ડૂબી જતા તીક્ષ્ણ સ્ટિલેટો ટાળો). વધારાની વસ્તુઓ સ્ટ્રો ટોટ બેગ, પોલરાઈઝ્ડ સનગ્લાસ, સન ટોપી અને જો પવન ફૂંકાય તો હળવું કાર્ડિગન અથવા ડેનિમ જેકેટ અથવા સ્વેટર સહિત વોટર બોટલ સાથે હોમ મેડ હળવો નાસ્તો લઈ જવો.

દીવ ફોરેન માર્કેટમાં કપડાંની દુકાનમાં લાખોની ચોરી

રૂા.૬.૩૫ લાખ રોકડ ગાયબ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૧૭

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ફોરેન માર્કેટ વિસ્તારમાં આવેલી કપડાંની એક દુકાનમાંથી રૂા.૬ લાખ ૩૫ હજારની રોકડ રકમની ચોરી થયાની ઘટના સામે આવતાં ચકચાર મચી છે. ઘટનાની જાણ થતાં દીવ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, ફોરેન માર્કેટ ખાતે સંજયભાઈ વિનુ સોલંકીની કપડાંની દુકાનમાં આ ચોરીની ઘટના બની હતી. સંજયભાઈના જણાવ્યા અનુસાર, તેઓ રવિવારના રોજ પૈસાની ગણતરી કરીને રૂા.૬ લાખ ૩૫ હજારની રોકડ રકમ બેગમાં મૂકી હતી. આ રકમ સોમવારના રોજ કુરિયર કરવાની હતી, પરંતુ કુરિયરની દુકાન બંધ હોવાના કારણે રોકડ રકમ દુકાનમાં જ રાખવામાં આવી હતી.

ગત રાત્રે આશરે ૧૨ વાગ્યા સુધી તેઓ જાગતા હતા, ત્યારબાદ સૂઈ ગયા હતા. મંગળવારે સવારે દુકાનમાંથી બહાર જતી વખતે બેગ તપાસતાં તેમાં રાખેલી રૂા. ૬.૩૫ લાખની રોકડ રકમ ગાયબ હોવાનું સામે આવ્યું હતું. જેથી તેમણે તાત્કાલિક દીવ પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. જોકે, દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરા બંધ હોવાના કારણે ચોરી કરનાર શખ્સ અંગે પ્રાથમિક તબક્કે કોઈ સુરાગ મળી શક્યો નથી.

હાલ પોલીસ દ્વારા આસપાસની દુકાનો સહિતના સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.દુકાનમાંથી લાખોની રોકડ રકમની ચોરી કરનાર શખ્સ જાણભેદુ છે કે, બહારનો કોઈ વ્યક્તિ, તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. હવે પોલીસ તપાસમાં ચોરીનો ભેદ ક્યારે ઉકેલાય છે અને આરોપી ક્યારે ઝડપાય છે તે જોવું રહ્યું.

દીવના પટેલવાડી ખાતે શ્રી સમસ્ત વાડી વિસ્તાર કોળી સમાજ દ્વારા જલારામ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ

ભજન-કીર્તન અને છપ્પન ભોગ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૧૭

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના પટેલવાડી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ સંત શિરોમણી શ્રી જલારામ બાપાની જન્મજયંતીની ભવ્ય અને ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં મોટી સંખ્યામાં ભાવિકભક્તો જોડાયા હતા.

પટેલવાડી ખાતે આવેલ જલારામ મંદિર પર શ્રી સમસ્ત વાડી વિસ્તાર કોળી સમાજ દ્વારા તેમજ આંબાવાડી ખાતે આવેલ જય જલારામ મંડળના જલારામ મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભજન-કીર્તન, છપ્પન ભોગ, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.જલારામ જયંતીને લઈ મંદિર પરિસરને આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું. સમગ્ર વાતાવરણ જલારામ બાપાના જયઘોષ અને ભક્તિભાવથી ગુંજી ઊઠ્યું હતું. દીવ જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી જલારામ બાપાનાં દર્શન કર્યા હતા અને મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

દીવમાં જલારામ સેવા સમિતિ દ્વારા જલારામ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ

આરતી, ભજન-કીર્તન, કેક કટિંગ અને મહાપ્રસાદનું આયોજન : ભાવિકભક્તોએ મહાપ્રસાદનો લીધેલો લાભ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૧૭

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના કુંભારવાડા ખાતે આવેલ જલારામ મંદિરમાં જલારામ સેવા સમિતિ દ્વારા સંત શિરોમણી શ્રી જલારામ બાપાની જન્મજયંતીની હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સવારે જલારામ સેવા સમિતિ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ જલારામ મંદિરમાં દર્શન કરવા માટે ભક્તોની ભીડ જોવા મળી હતી. સમગ્ર મંદિર પરિસર ભજન-કીર્તન અને જલારામ બાપાના જયઘોષથી ભક્તિમય બન્યું હતું. આ દરમિયાન મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બપોરે નાના બાળકો દ્વારા કેક કટિંગ કરી જલારામ બાપાની જન્મજયંતીની ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.

અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો. આમ, દીવમાં જલારામ સેવા સમિતિ દ્વારા જલારામ જયંતીની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

સુરતના ભીમરાડ ગામે વિચિત્ર ઘટના

ઘરની ગેલેરીમાં ફસાયેલા યુવકનું ફાયર વિભાગે કર્યું સફળ રેસ્ક્યૂ

દરવાજો અચાનક લોક થઈ જતાં અંકિત પટેલ બહાર નીકળી શક્યા નહીં, ફાયર જવાનોની સમયસર કામગીરીથી હેમખેમ બહાર કઢાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૧૭

સુરત શહેરના ભીમરાડ ગામમાંથી એક વિચિત્ર ઘટના સામે આવી છે. અહીં એક યુવક પોતાના જ ઘરની ગેલેરીમાં ફસાઈ જતાં પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. ગેલેરીનો દરવાજો અચાનક લોક થઈ જતાં યુવક બહાર નીકળી શક્યો નહોતો. આખરે ફાયર વિભાગને જાણ કરવામાં આવતાં ફાયર જવાનોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી યુવકનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું હતું.મળતી માહિતી મુજબ, ભીમરાડ ગામમાં રહેતા અંકિત નરેશભાઈ પટેલ પોતાના ઘરની ગેલેરીમાં ગયા હતા. આ દરમિયાન અચાનક ગેલેરીનો મુખ્ય દરવાજો લોક થઈ ગયો હતો. જેના કારણે અંકિત પટેલ ગેલેરીમાં જ ફસાઈ ગયા હતા અને બહાર નીકળવાનો રસ્તો બંધ થઈ ગયો હતો.

ઘરની અંદર જ આવી પરિસ્થિતિ સર્જાતાં પરિવારજનો પણ ચિંતામાં મુકાયા હતા. યુવકને બહાર કાઢવા માટે સ્થાનિક સ્તરે પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ તેમાં સફળતા ન મળતાં આખરે ફાયર વિભાગની મદદ લેવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ભીમરાડ ગામે પહોંચી હતી. ફાયર જવાનોએ પરિસ્થિતિનું નિરીક્ષણ કરીને યુવકને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યૂ કામગીરી શરૂ કરી હતી. જવાનોએ સાવચેતીપૂર્વક કામગીરી હાથ ધરી યુવક સુધી પહોંચવાનો માર્ગ તૈયાર કર્યો હતો.

ફાયર વિભાગના જવાનોની કુશળ કામગીરીના કારણે અંકિત નરેશભાઈ પટેલને કોઈ મોટી ઈજા વિના સુરક્ષિત રીતે ગેલેરીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. યુવક હેમખેમ બહાર આવતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ ઘટનામાં ફાયર વિભાગની સમયસરની કામગીરી અને કટોકટીના સમયે તંત્રની સતર્કતા જોવા મળી હતી. ફાયર જવાનોની કામગીરીને પરિવારજનોએ પણ બિરદાવી હતી.

દર્શકોને ખડખડાટ હસાવવા આવી રહી છે અનન્યા બિરલા દ્વારા નિર્મિત પહેલી ગુજરાતી ફિલ્મ 'રફ એન્ડ ટફ કન્યા'



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સુરત, તા.૧૭

ગુજરાતી સિનેમાના ચાહકો માટે એક શાનદાર પારિવારિક એન્ટરટેઈનર આવી રહી છે. જાણીતા યુવા આઈકોન અનન્યા બિરલા પ્રોડ્યુસર તરીકે પોતાની નવી ઈનિંગ શરૂ કરી રહ્યા છે. તેઓ 'બિગ બોક્સ સિરીઝ'ના સહયોગથી ગુજરાતી કોમેડી ફિલ્મ 'રફ એન્ડ ટફ કન્યા' લઈને આવી રહ્યા છે, જે દરેક પરિવારે સાથે બેસીને માણવા જેવી છે. આ ફિલ્મ આગામી ૨૦ નવેમ્બરે રૂપેરી પડદે ધૂમ મચાવશે.


આ ફિલ્મની વાર્તા દર્શકોને પેટ પકડીને હસાવશે. વાર્તામાં એક પિતાને જાણ થાય છે કે તેમની દીકરીને એક એવા યુવક સાથે પ્રેમ છે જેનો સ્વભાવ ખૂબ જ ગુસ્સાવાળો છે. દીકરીના ભવિષ્યને સુરક્ષિત કરવા પિતા શરત મૂકે છે કે તેઓ ૩૦ દિવસ દીકરીના સાસરે રહેશે. જો આ સમય દરમિયાન છોકરો કે તેનો પરિવાર સહેજ પણ ગુસ્સો કરશે, તો લગ્ન નહીં થાય. આ ૩૦ દિવસમાં પિતા જમાઈને ઉશ્કેરવા જે રમૂજી હરકતો કરે છે તે કોમેડીનું તોફાન લાવશે.

અનન્યા બિરલા આ પ્રોજેક્ટ માટે એટલા ઉત્સાહિત હતા કે માત્ર એક જ મીટિંગમાં તેમણે નિર્માતા બનવાની હા પાડી દીધી હતી. સ્ક્રિપ્ટ સાંભળતા જ તેઓ ખડખડાટ હસી પડ્યા હતા અને શૂટિંગના સેટ પર પણ કલાકારોનો અભિનય જોઈને તેઓ હસી-હસીને લોટપોટ થઈ ગયા હતા. આ ધમાકેદાર કોમેડીમાં ગુજરાતી સ્ક્રીનના દિગ્ગજ હિતેન કુમાર સાથે રવિ ગોહિલ અને યુક્તિ રાંદેરિયા મુખ્ય રોલમાં જોવા મળશે.

તાપી નદીના પ્રદૂષણનું જોખમ વધ્યું

સુરતના બ્રિજ પર કચરાપેટી હોવા છતાં ધાર્મિક કચરાના ઢગલા

દિવાળી બાદ ફૂલહાર, પૂજાસામગ્રી અને શ્રીફળ જાહેરમાં ફેંકાતા રસ્તા-બ્રિજની સુંદરતા બગડી, કોઝવેના ઉપરવાસમાં પણ કચરો ઠાલવાતાં ચિંતા



(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૧૭

સુરત શહેરમાં દિવાળી અને ધાર્મિક તહેવારોની ઉજવણી બાદ જાહેર સ્થળોએ ધાર્મિક કચરાની સમસ્યા ગંભીર બની રહી છે. શહેરના રસ્તાઓ, બ્રિજ અને તાપી નદીના કિનારે ફૂલહાર, પૂજાસામગ્રી, શ્રીફળ સહિતના ધાર્મિક કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. એક તરફ સુરત મહાનગરપાલિકા દ્વારા ધાર્મિક કચરાના યોગ્ય નિકાલ માટે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે અને બ્રિજ પર ખાસ કચરાપેટીઓ પણ મૂકવામાં આવી છે, તેમ છતાં કેટલાક લોકો જાહેરમાં કચરો ફેંકવાનું બંધ કરતા નથી.

દિવાળી દરમિયાન લક્ષ્મીપૂજન સહિતના ધાર્મિક પ્રસંગો બાદ મોટી માત્રામાં પૂજાસામગ્રીનો કચરો એકત્રિત થાય છે. આ કચરાનો યોગ્ય નિકાલ કરવાને બદલે કેટલાક નાગરિકો રસ્તાની બાજુમાં અને તાપી નદી પરના બ્રિજ પરથી ફેંકી દે છે.ખાસ કરીને બ્રિજ પર કચરાપેટીઓ મૂકવામાં આવી હોવા છતાં તેની આસપાસ ધાર્મિક કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. પરિણામે બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓને ગંદકીનો સામનો કરવો પડે છે.

ધાર્મિક કચરાની સમસ્યા માત્ર બ્રિજ પૂરતી મર્યાદિત નથી. કોઝવેના ઉપરવાસમાં પણ લોકો દ્વારા પૂજાસામગ્રી અને અન્ય કચરો ઠાલવવામાં આવતો હોવાનું સામે આવ્યું છે. આ કચરો નદીના પાણીમાં ભળવાની સાથે નદીના પટમાં પણ એકત્રિત થઈ રહ્યો છે.તાપી નદી સુરત માટે પાણીનો મહત્ત્વપૂર્ણ સ્રોત હોવાથી તેમાં કચરો ઠાલવવાથી જળ પ્રદૂષણનું જોખમ ઊભું થઈ શકે છે. આવી સ્થિતિમાં નદીની સ્વચ્છતા જાળવવી અત્યંત જરૂરી બની છે.સુરત મહાનગરપાલિકા દ્વારા ધાર્મિક કચરાના અલગ નિકાલ માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. બ્રિજ પર કચરાપેટીઓ મૂકીને લોકોને પૂજાસામગ્રી યોગ્ય જગ્યાએ નાખવા અપીલ પણ કરવામાં આવી છે.

જોકે, માત્ર કચરાપેટીઓ મૂકવાથી સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ નથી. નાગરિકોએ પણ ધાર્મિક આસ્થા સાથે પર્યાવરણ અને જાહેર સ્વચ્છતાની જવાબદારી સમજવી જરૂરી છે. પૂજાસામગ્રીનો યોગ્ય નિકાલ કરીને તાપી નદી, બ્રિજ અને શહેરના જાહેર સ્થળોને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવો સમયની માંગ છે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ

સુરેશ ઉમતીયાઃ- 98259 89444

વલસાડ જિલ્લામાં વિસરાતી જતી પરંપરાગત રમતોને જાળવી રાખવા રમતોત્સવ યોજાયો

જિલ્લાના તમામ તાલુકાઓમાં કબડ્ડી, ખો-ખો, ગીલી-દંડો, લખોટી, લંગડી, દોરડા ખેંચ અને ભમરડો સહિતની રમતો રમાઈ : ૧૧૭૬ રમતવીરોએ ભાગ લીધો

બાળકો મોબાઈલ સ્ક્રીન, વિડિયો ગેમ્સ અને સોશિયલ મીડિયા પાછળ સમય વેડફે તેના બદલે પરંપરાગત રમત રમી તંદુરસ્ત રહે અને સંસ્કૃતિને પણ જાળવે તે માટે પ્રયાસ











(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૭

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ઉજવાતા 'જનજાતિય ગૌરવ દિવસ' અંતર્ગત વલસાડ જિલ્લામાં મંગળવારે વિવિધ સ્થળોએ પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનોમાં આપણી સંસ્કૃતિ અને દેશી રમતો પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી રસ્સાખેંચ, લંગડી, ભમરડો, વોલીબોલ, કબડ્ડી, સાતડીયું, ત્રીપગી દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી અને લખોટી જેવી રમતો રમાડવામાં આવી હતી. જેમાં ૧૧૭૬ રમતવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વલસાડમાં બાઈ આવાબાઈ સ્કૂલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, ધરમપુરમાં એસએમએસએમ હાઈસ્કૂલ ખાતે ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, કપરાડામાં એન.આર.રાઉત માધ્યમિક શાળા ખાતે ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી, ઉમરગામમાં નગરપાલિકા ક્રિકેટ ગ્રાઉન્ડ પર બીચ પાસે ધારાસભ્ય રમણલાલ પાટકર અને પારડીમાં ડીસીઓ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલની અધ્યક્ષતામાં વિસરાતી જતી પરંપરાગત રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રમતોત્સવ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ રમતવીરોને આ રમતોત્સવનો ઉદ્દેશ્ય સમજાવતા જણાવ્યું કે, આજના આધુનિક યુગમાં બાળકો અને યુવાનોનો મોટાભાગનો સમય મોબાઈલ સ્ક્રીન, વિડિયો ગેમ્સ અને સોશિયલ મીડિયા પાછળ વેડફી રહ્યા છે, ત્યારે આપણી સંસ્કૃતિ અને માટીની સુગંધ સાથે જોડાયેલી ગ્રામિણ રમતોને યાદ કરવાનો આ ઉત્સવ ખરેખર એક અનોખું સંસ્કારસભર પગલું છે. આપણી પરંપરાગત રમતો માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે આપણા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની ચાવી છે. જેમાં કબડ્ડી, ખો-ખો, ગીલી-દંડો, લખોટી, સાતતાળી (લંગડી), દોરડા ખેંચ અને ભમરડો ફેરવવો તથા અન્ય રમતોનો સમાવેશ થાય છે. આ બધી રમતો આપણા વડીલોની આગવી ઓળખ રહી છે. આ રમતો આપણા શરીરને મજબૂત, ચપળ અને નિરોગી બનાવે છે. સૌથી મોટી વાત એ છે કે, આ ગ્રામિણ રમતો આપણામાં ભાઈચારો અને ટીમ વર્કની ભાવના કેળવે છે. હાર અને જીતને હસતા મોઢે સ્વીકારતા આ રમતો આપણને શીખવે છે. જ્યારે આપણે મેદાન પર સાથે દોડીએ છીએ અને રમીએ છીએ, ત્યારે મોબાઈલ સ્ક્રીન પાછળ એકલવાયું જીવન જીવતા બાળકો સાચા અર્થમાં સામાજિક બને છે. આજે આ રમતોત્સવના માધ્યમથી આપણે માત્ર રમવાનું નથી, પરંતુ આપણી જૂની અને અમૂલ્ય સંસ્કૃતિને પુનર્જીવિત કરવાની છે. આપણે સંકલ્પ કરીએ કે, માત્ર આજનો દિવસ જ નહીં, પરંતુ આપણા દૈનિક જીવનમાં પણ આપણે શારીરિક શ્રમ માંગતી આ રમતોને સ્થાન આપીશું.

આ પરંપરાગત રમતોમાં અંડર-૧૫ (ભાઈઓ/બહેનો) માટે લીંબુ ચમચી, લંગડી, ત્રીપગી દોડ અને કોથળા દોડ, લખોટી તેમજ અબવ-૧૫ માટે રસ્સાખેંચ, કબડ્ડી, સાતડીયું, કોથળા દોડ, લીંબુ ચમચી, વોલીબોલ અને ભમરડાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડમાં ૨૫૮, ધરમપુરમાં ૨૦૪, કપરાડામાં ૨૨૨, ઉમરગામમાં ૨૮૨, પારડીમાં ૨૧૦ મળી કુલ ૧૧૭૬ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પરંપરાગત રમતોની મજા માણી હતી. વિજેતાઓને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ડ મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર વડે સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ઉમરગામમાં પિતાનો પવિત્ર સંબંધ કલંકિત

જાનથી મારી નાંખવાની ધમકી આપી ૧૩ વર્ષીય સગીર પુત્રીને હવસનો શિકાર બનાવનાર નરાધમ સાવકા પિતાની ગણતરીના કલાકોમાં પોલીસે કરેલી ધરપકડ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૧૭

ઉમરગામ પંથકમાં માનવતાને શર્મસાર કરતી અને પિતા-પુત્રીના પવિત્ર સંબંધને કલંકિત કરતી એક હિચકારી ઘટના સામે આવી છે. ઉમરગામમાં રહેતા એક સાવકા પિતાએ પોતાની જ ૧૩ વર્ષીય સગીર પુત્રીની એકલતાનો લાભ ઉઠાવી તેના પર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે ભોગ બનનાર દીકરીની માતાએ હિંમત દાખવી પોલીસ ફરિયાદ નોંધાવતા, ઉમરગામ પોલીસે ગણતરીના કલાકોમાં જ નરાધમ આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત તારીખ ૧૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આરોપી સાવકા પિતાએ પોતાના રહેણાંક રૂમમાં ૧૩ વર્ષની સગીર દીકરીને એકલી જોઈને તેની સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે આરોપીએ અગાઉ પણ સગીરા સાથે આવું જ કૃત્ય આચર્યું હતું. આ વાત કોઈને ન કહેવા માટે તેણે સગીરાને 'જો તું કોઈને પણ આ વાત કરીશ તો તને અને તારી મમ્મીને જાનથી મારી નાંખીશ' તેવી જાનથી મારી નાંખવાની ધમકી આપી ભયના ઓથાર હેઠળ રાખી હતી.

આખરે સગીરાએ હિંમત કરીને પોતાની માતાને સમગ્ર આપવીતી જણાવતા, માતાએ તાત્કાલિક ઉમરગામ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ વલસાડ જિલ્લા પોલીસ વડા (SP) યુવરાજસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ ઉમરગામ પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ.ડી. તુવર તથા તેમની ટીમે અલગ-અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા અને ગણતરીના કલાકોમાં જ આરોપીને દબોચી લીધો છે.

પોલીસ તંત્રની ટીમે આરોપીની ધરપકડ કરી તેની સઘન પૂછપરછ અને ગુનાહિત ઈતિહાસની તપાસ કરતા આરોપી રીઢો ગુનેગાર હોવાનું ખુલ્યું છે. અગાઉ તે ઉત્તર પ્રદેશના કૌશાંબી જિલ્લાના સૈની પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુ.ર.નં.૨૮૫/૨૦૦૫ (ઈ.પી.કો. કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૪, ૫૦૬ મુજબના ખૂન અને હત્યાના પ્રયાસના ગુના)માં દોષિત ઠર્યો હતો અને તે બદલ ૧૧ વર્ષની જેલની સજા પણ ભોગવી ચૂક્યો છે.હાલમાં ઉમરગામ પોલીસે આરોપી વિરુદ્ધ દુષ્કર્મ અને પોકસો એક્ટ સહિતની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ તેજ કરી છે.

વલસાડ જિલ્લામાં રવિ ઋતુ દરમિયાન પિયત વ્યવસ્થાપન અંગે ખેડૂતોને ખાસ સૂચનો કરાયા

ખેડૂતોને ખાસ અપીલ છે કે, પાણી કિંમતી છે, તેથી પાકની જરૂરિયાત મુજબ જ પિયત આપો, પાણીનો બગાડ અટકાવો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૭

રવિ ઋતુમાં સિંચાઈ માટે પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે. તેથી ખેડૂતોએ પાકની જરૂરિયાત, જમીનમાં રહેલો ભેજ અને પાણીની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને જ પિયત આપવું જોઈએ. આ માટે વલસાડ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા નીચે મુજબની બાબતોનું ખાસ ધ્યાન રાખવા જણાવ્યું છે.

(૧) જમીનમાં ભેજ જોઈને જ પિયત આપવું. પિયત આપતાં પહેલાં ખેતરની જમીનમાં ભેજ છે કે નહીં તે તપાસો. જમીનમાં પૂરતો ભેજ હોય તો પિયત આપવાનું ટાળો. (૨) પાકને જ્યારે પાણીની વધુ જરૂર હોય ત્યારે જ પિયત આપો. પાણી ઓછું હોય ત્યારે વારંવાર પિયત આપવાને બદલે પાકમાં કટોકટીની અવસ્થાએ પિયત આપો. પાણીની અછત હોય તો ઓછા પાણીમાં થઈ શકે તેવા પાકાનું વાવેતર કરો. (૩) પાણી બચાવવાની પદ્ધતિ અપનાવો. ટપક અને ફુવારા પદ્ધતિથી પિયત આપવાથી અંદાજે ૪૦ થી ૫૦ ટકા પાણીની બચત થઈ શકે છે. પાણી ઓછું હોય ત્યારે ખેતરની એક ચાસ છોડીને બીજી ચાસમાં પિયત આપો. (૪) ખેતરમાં ભેજ જાળવી રાખો. જમીનમાં ભેજ લાંબો સમય રહે તે માટે પાકના સૂકા અવશેષો પાથરો. બિનજરૂરી ખેડ કરવાનું ટાળો. જમીનમાં તિરાડો પડે તો હળવી આંતરખેડ કરીને તિરાડો પૂરો, જેથી જમીનનો ભેજ જળવાઈ રહે. (૫) જમીન પ્રમાણે પિયત આપો. રેતાળ અને હલકી જમીનમાં પાણી ઝડપથી ઊતરી જતું હોવાથી થોડું-થોડું પાણી જરૂરિયાત મુજબ આપો. કાળી અને ભારે જમીનમાં પાણી લાંબો સમય રહેતું હોવાથી જમીનમાં ભેજ હોય ત્યારે પિયત આપવાની ઉતાવળ ન કરો. ખેતર સમતળ રાખો, જેથી પાણી દરેક જગ્યાએ સરખું પહોંચે. (૬) પાણીનો બગાડ અટકાવો. કૂવા, બોરવેલ અને નહેરમાં કેટલું પાણી ઉપલબ્ધ છે તે ધ્યાનમાં રાખીને પિયતનું આયોજન કરો. ખેતરની પાણીની નાળીઓ અને પાઇપમાં લીકેજ હોય તો તાત્કાલિક બંધ કરાવો. જ્યાં શક્ય હોય ત્યાં ભૂગર્ભ પાઈપલાઈનથી પાણી ખેતર સુધી પહોંચાડો.

ખેડૂતોને ખાસ અપીલ છે કે, પાણી કિંમતી છે, તેથી પાકની જરૂરિયાત મુજબ જ પિયત આપો, પાણીનો બગાડ અટકાવો અને ઉપલબ્ધ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરીને રવિ પાકનું ઉત્પાદન જાળવી રાખવામાં સહભાગી બનો.

વાપી કોળીવાડમાં નવયુવક મિત્ર મંડળ દ્વારા જલારામ બાપાની જન્મજયંતીની ઉજવણી કરાઈ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૭

વાપી કોળીવાડ વિસ્તારમાં ડીસીબી બેંકની પાછળ નવયુવક મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતી નિમિત્તે ભક્તિભાવપૂર્વક જન્મ જયંતી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

જલારામ બાપાનું જીવન નિઃસ્વાર્થ સેવા, ભક્તિ, કરૂણા અને માનવતાનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. તેમણે અન્નદાન અને જરૂરિયાતમંદોની સેવા દ્વારા સમાજને પરોપકારનો માર્ગ બતાવ્યો હતો. તેમનો સંદેશ આજે પણ માનવસેવા અને પરસ્પર સહયોગી ભાવનાને પ્રેરિત કરે છે.

આ જન્મજયંતી મહોત્સવનું આયોજન ઈશ્વરભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, રાજુભાઈ પટેલ અને જયેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જલારામ બાપાના જીવનચરિત્ર અને સેવાભાવને સ્મરીને ભક્તિમય માહોલમાં જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

ભાજપ હોદ્દેદારો તથા સરકારી અધિકારીઓનું બાળપણ ખીલી ઉઠ્યું

ભગવાન બિરસા મુંડા ની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે પારડી ખાતે પરંપરાગત ગ્રામીણ રમતોત્સવની ઉજવણી કરાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૧૭

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે જનજાતિય ગૌરવ સપ્તાહની તારીખ ૧૧મી નવેમ્બરથી ૧૮મી નવેમ્બર સુધી વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી થઈ રહી છે.

તારીખ ૧૭/૧૧/૨૦૨૬ના રોજ પારડી ખાતે આ જ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વર્ષો પહેલા રમાતી ગ્રામ્ય વિસ્તારની સાત ઠીકરી રસ શીખ, લીંબુ ચમચી, વોલીબોલ જેવી અનેક દેશી રમતો રમાડી પરંપરાગત રીતે ગ્રામીણ રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ રમતોત્સવનું મુખ્ય આકર્ષણ આ તમામ દેશી ગ્રામીણ રમતોમાં ભાજપના તમામ ભાઈઓ-બહેનો હોદ્દેદારોએ તથા સરકારી અધિકારી ભાઈઓ-બહેનોએ હર્ષભેર ભાગ લઈ આ રમતનો આનંદ માણી પોતાના બચપણના દિવસોમાં ઓતપ્રોત થઈ આ તમામ રમતોનો આનંદ માણ્યો હતો. રમતોત્સવ બાદ હોદ્દેદારોના હસ્તે વિજેતાઓને શીલ્ડ તેમજ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ડીસીઓ સાર્વજનિક હાઈસ્કુલ ખાતે યોજાયેલા આજના આ કાર્યક્રમના અધ્યક્ષ એવા વલસાડ જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ પોતે પણ આ જ સ્કૂલમાં ભણ્યા હોય જુના સંસ્મરણો યાદ કરી આજના યુવાનોને એ આઈ તથા મોબાઈલનો મોહ છોડી પોતાની પરંપરાગત ગામડાની રમતો તરફ વળવાનું સૂચન કર્યું હતું.

આજના આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, પ્રદેશ કોષાધ્યક્ષ શ્રી ધ્રુવીનભાઈ ભંડારી,ડાંગના પ્રભારી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ, પારડી તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કિન્નરીબેન હિતેશભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી શ્રી હિરેનભાઈ પટેલ, પારડી તાલુકા મહિલા મોરચા પ્રમુખ તથા ઉમરસાડી માછીવાડના સરપંચ એવા શ્રીમતી ખુશ્બુબેન જવાહરભાઈ ટંડેલ, પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, પારડી શહેર યુવા મોરચા પ્રમુખ શ્રી મેહુલભાઈ ભરવાડ, પારડીના પ્રભારી શ્રી રમેશભાઈ ભાનુશાલી, પારડી નગરપાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી, ટાઉન પ્લાનિંગ ચેરમેન શ્રી શિરીષભાઈ પટેલ, વોટર વર્કસ ચેરમેન શ્રી જીગ્નેશભાઈ પટેલ, આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, વીજળી સમિતિ ચેરમેન શ્રીમતી ઉષાબેન પટેલ, શ્રી જીગ્નેશભાઈ માંગેલા , શ્રી જીગ્નેશભાઈ આહીર, શ્રી ભૂમિ શ્રેયાંશ પારેખ, પારડી મામલતદારશ્રી, પારડી ટીડીઓ તથા વલસાડ જિલ્લા વહીવટી તંત્ર હાજર રહી આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

વાપી રાજસ્થાન પરિવારોનો દિવાળી સ્નેહમિલન સમારોહ યોજાયો : દમણ-સેલવાસના પરિવારો પણ ઉપસ્થિત રહ્યા

આઈએએસ સ્મિત લોઢા અને આઈપીએસ વિશાખા જૈનનું વિશિષ્ટ સન્માન કરાયું



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૭

વાપી સહિત પડોશી રાજ્યો સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલી સ્થિત રાજસ્થાની સમાજની અગ્રણી સંસ્થા રાજસ્થાન પ્રગતિ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટનો દિવાળી સ્નેહ મિલન સમારોહ રાજસ્થાન ભવનમાં સંપન્ન થયો હતો.

સમારોહનો શુભારંભ સુરત મહાનગરપાલિકા ડે. કમિશનર શ્રી સ્મિત લોઢા તથા સુરત પોલીસ ડે.કમિશનર (સાઈબર સેલ) આઈપીએસ વિશાખા જૈન તથા મંડળ અધ્યક્ષ શ્રવણ નૈણ,આયુક્ત પ્રબંધક રાજેશ દુગડ, ડો. નરેન્દ્ર જૈનના કરકમલો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. મંડળ અધ્યક્ષ શ્રવણ નૈણે સૌને દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી. રાજસ્થાન પ્રગતિ મંડળ સંસ્થાપક સભ્યો ડો. નરેન્દ્ર જૈનની સુપૂત્રી લાડલી બેટી આઈપીએસ વિશાખા જૈન અને પતિ આઈએએસ સ્મિત લોઢાનું વિશિષ્ટ સન્માન કરાયું હતું. તેમણે પ્રેરણાદાયી પ્રવચન આપતા જણાવ્યું હતું કે, રાજસ્થાની સંસાર અને સંસ્કૃતિથી ઓતપ્રોત છે તેમજ આ આયોજનમાં અપનાપન મહેસુસ થાય છે. કાર્યક્રમમાં ગરબા અને રાજસ્થાની લોકનૃત્યની પ્રસ્તુતીની ઝાંખીએ આકર્ષણ જણાવ્યું હતું. શ્રી રાજેશ દુગડે સામાજીક સંગઠન સાથે કર્મભૂમીમાં સેવાકાર્ય કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. અંતમાં સચિવ રાધાકૃષ્ણ સૈનીએ ઉપસ્થિતોનો આભાર વ્યક્ત કર્યો હતો.

વલસાડ જિલ્લામાં દિવાળીના સમયગાળામાં વિવિધ સ્થળોએ ૧૦ ઉપરાંત આગના બનાવોને લઇ અફરાતફરી સર્જાઈ

વાપીમાં આગના બે બનાવ, વલસાડમાં ડમ્પીંગ સાઈડ તેમજ હિંગળાજ ખટારમોરામાં બોટમાં આગ લાગી, રવિવારે તિથલ બીચ ઉપર રીક્ષા સળગી





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૭

દિવાળી ખુશીઓનો તહેવાર છે, પરંતુ વલસાડ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં આ સમયગાળામાં ૧૦ ઉપરાંત આગના બનાવો બન્યા હતા. તેથી તેવા વિસ્તારોમાં અફરાતફરી મચી જવા સાથે દિવાળીનો માહોલ વચ્ચે અજુગતી ઘટનાઓ બનતા ક્યાંક ક્યાંક દિવાળીના આનંદ ઝાંખો થયેલો જોવા મળ્યો હતો.

દિવાળીનો સમય આનંદ અને ઉલ્લાસ તહેવારોના દિવસો વચ્ચે જિલ્લામાં વિવિધ શહેરના અમુક વિસ્તારો ૧૦ ઉપરાંત આગના બનાવો બનતા લોકોમાં નિરાશાનો માહોલ છવાઈ ગયો હતો. વિવિધ આગના બનાવોમાં શોર્ટસર્કિટ અને ક્યાંક ક્યાંક ફટાકડાના કારણે આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે.

વાપી શહેરમાં આગના બે બનાવ બન્યા છે. જેમાં વાપી અલકાપુરીમાં અને કુમારશાળામાં એમ બે અલગ અલગ મકાનોમાં આગના બનાવ બન્યા હતા. વલસાડ વિસ્તારમાં આગના ત્રણ બનાવ બન્યા હતા. જેમાં હિંગળાજ ખટારમોરામાં કિનારે લાંગરેલી બોટમાં અચાનક ભીષણ આગ લાગી હતી. આગનું કારણ અકબંધ રહ્યું છે. પરંતુ બોટ બળીને ખાખ થઈ ગઈ હતી. વલસાડ ડમ્પીંગ સાઈટ ઉપર કચરામાં આગ લાગી હતી. રવિવારે તિથલ બીચ ઉપર પાર્ક કરેલી રીક્ષામાં અચાનક આગ લાગતા દોડધામ મચી હતી. જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ આગના બનાવ નોંધાયેલા છે.



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

દેશમાં મોંઘવારીનો બેફામ વિકાસ થવા પાછળ શાસન-પ્રશાસન અને તેની નીતિઓ જવાબદાર

'દિવાળી'ના તહેવારો પૂરા થયા અને લાભપાંચમ પણ ગઈ. જો કે, દિવાળીની ઉજવણી દેવદિવાળી એટલે કે એકાદશી કે પૂર્ણિમા સુધી ચાલે છે અને આખો કારતક મહિનો ધાર્મિક કથા પારાયણો અને પાવનકાર્યો ચાલશે. દિવાળી પછી પણ ધાર્મિક અને અન્ય પ્રવાસન સ્થળોએ માનવ મહેરામણ ઉભરાયો. બીજી તરફ રાષ્ટ્રીય કક્ષાએ પણ દિવાળીના તહેવારો પૂરા થતા જ એક તરફ સરકારી કામકાજો ગતિ પકડશે, તો બીજી તરફ પોલિટિક્સને પણ પુનઃ પાંખો આવશે, તો પબ્લિકમાં પણ ચહલપહલ વધશે.

નવા વર્ષના પ્રારંભે જ દાઝ્યા પર ડામ આપ્યો હોય તેવો એક આંકડો આવ્યો છે અને આ આંકડો 'ડેટા'ના જોરે ડમરૂ વગાડતા રહેતા સરકારી વાજંત્રો માટે શેટબેક (ઝાટકા) સમાન છે.

આ આંકડો છે મોંઘવારીના દરનો... મોંઘવારીનો માર સહી રહેલી જનતા માટે આ આંકડો બોધપાઠરૂપ છે, કારણ કે આ આંકડો જથ્થાબંધ મોંઘવારી સંબંધિત છે.

ઓક્ટોબર મહિનામાં છૂટક મોંઘવારી ૬ ટકાને પાર પહોંચી ગઈ અને બે વર્ષનો વિક્રમ દોહરાવ્યો છે. ઓક્ટોબર ૨૦૨૪માં છૂટક મોંઘવારીનો દર ૬.૨૧ ટકા હતો, જે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ટોચમર્યાદા (લક્ષ્મણરેખા)થી વધુ હતો. ઓક્ટોબર ૨૦૨૬માં એવરેજ છૂટક મોંઘવારી દર ૬.૦૯ ટકા નોંધાયો છે, તેથી ૬ ટકાની લક્ષ્મણરેખા ઓળંગવાની દૃષ્ટિએ બે વર્ષે આ સ્થિતિ ફરીથી આવી, જેના કારણે અમે તારણો કાઢીને તજજ્ઞો વિવિધ અભિપ્રાયો વ્યક્ત કરીર રહ્યા છે, તો આંકડાઓની આ માયાજાળ અને વિપક્ષી પ્રહારો વચ્ચે હાલાર સહિતના ચાર પાંચ જિલ્લાઓની જનતા દુષ્કાળની સ્થિતિમાં આ મોંઘવારીનો માર પડતા ચિંતામાં મૂકાઈ ગઈ છે. રિઝર્વ બેંકની ૨ થી ૬ ટકા વચ્ચેની સીમામર્યાદાની આ કારણે ચર્ચા પણ રસપ્રદ બની છે. હકીકતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય પોલિસી છૂટક મોંઘવારી દરને મહત્તમ સમયગાળામાં એવરેજ ચાર ટકાની આસપાસ રાખવાની છે, જે મોસમ, વૈશ્વિક પ્રવાહો, રાજકીય, કુદરતી આફતો, કારણો, વિવિધ સંજોગોના કારણે વધતી ઘટતી રહે છે, અને ૨ થી ૬ ટકા વચ્ચે રહેલી હોય ત્યાં સુધી આ ગોલ (લક્ષ્ય) જળવાઈ રહે છે, પરંતુ જ્યારે ૬ ટકાને છૂટક મોંઘવારી દર ઓળંગી જાય, ત્યારે સ્થિતિ ચિંતાજનક ગણાય છે. આ આંકડાનો સીધો સંબંધ સામાન્ય જનતાની રોજીંદી જિંદગી સાથે છે. આ દર શાકભાજી, અનાજ, દૂધ, ફળ, કપડા, મકાન ભાડુ, વીજળી, સારવાર, (મેડિકલ ખર્ચ) સહિતની રોજીંદી આવશ્યક ચીજવસ્તુઓ તથા સેવાઓ પાછળ થતા ખર્ચને સાંકળે છે. છૂટક મોંઘવારી દર જ્યારે જ્યારે ૬ ટકાની મર્યાદાને ઓળંગી જાય, ત્યારે ત્યારે એવું કહી શકાય કે મોંઘવારી 'બેકાબૂ' બની રહી છે અને તેની માઠી અસરો સામાન્ય જનતા(મધ્યમ અને ગરીબ વર્ગના લોકો)ને ભોગવવી પડી રહી છે. આ માટે જ કદાચ આરબીઆઈએ તાજેતરમાં મૌદ્રીક નીતિ હેઠળ રેપોરેટ ૦.૨૫ ટકા વધારીને ૫.૫૦ ટકા કર્યો હશે.

ખાદ્ય મોંઘવારી પણ ૭.૭૫ ટકા વધીને ૮.૯૪ ટકા થઈ ગઈ છે. ડુંગળી અને પ્રોટીનયુક્ત ખોરાક મોંઘા થઈ ગયા છે. જો કે, ખાદ્યચીજોની આ મોંઘવારી વૈશ્વિક છે, તેમ છતાં એકંદરે આ આંકડાઓ માટે શાસન પ્રશાસન તથા તેની નીતિઓને જ તજજ્ઞો વધુ જવાબદાર ગણી રહ્યા છે. એવી અટકળો પણ થઈ રહી છે કે ચાલુ ક્વાર્ટરના અંતે એટલે કે ઓક્ટોબરથી ડિસેમ્બરનો ત્રિમાસિક ગાળામાં હજુ વધુ ૦.૨૫ ટકા વધારીને રેપોરેટના દર આરબીઆઈ દ્વારા ૫.૭૫ ટકા થઈ શકે છે. આપણે ત્યાં આર્થિક સ્થિતિની બેવડી વાસ્તવિકતા જોવા મળી રહી છે. એક તરફ દુષ્કાળના ડાકલા વાગે છે, તો બીજી તરફ લોકો લાખો રૂપિયાના ફટાકડા ફોડે, વાહનોના વેંચાણમાં આશ્ચર્યજનક વૃદ્ધિ થાય, પર્યટન સ્થળોમાં લોકો ઉમટી પડતા હોય, અને માર્કેટો ધમધમતા જોવા મળે, તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આ અંગે બેવડી વાસ્તવિકતા એ ગણાય છે કે આપણાં દેશમાં અમીરો વધુ અમીર બની રહ્યા છે અને દાવાઓ કરાય છે, તે પ્રમાણમાં ગરીબી ઘટી રહી નથી. કેટલાક તજજ્ઞોના મત મુજબ દેશમાં નિમ્ન મધ્યમ વર્ગ હવે ઉચ્ચ મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગની આવક વધતા તેઓ અમીર બની રહ્યા છે!!

કારતક સુદ ૯ અક્ષય નવમી- ધર્મ, દાન, તપ, વૃક્ષપૂજન અને અક્ષય પુણ્યપ્રાપ્તિનો પવિત્ર દિવસ

ભારતીય સનાતન ધર્મ અને સંસ્કૃતિમાં દરેક તિથિનું આગવું ધાર્મિક તથા આધ્યાત્મિક મહત્ત્વ રહેલું છે. કારતક માસને પવિત્ર માસ માનવામાં આવે છે. આ માસમાં કરવામાં આવતાં સ્નાન, દાન, જપ, તપ, પૂજા, પ્રાર્થના અને સેવાકાર્યોનું વિશેષ મહત્ત્વ શાસ્ત્રોમાં દર્શાવવામાં આવ્યું છે. કારતક સુદ નવમી એટલે કે અક્ષય નવમી પણ આવો જ એક પવિત્ર અને પુણ્યપ્રદ દિવસ છે. **અક્ષય નવમીને આમળા નવમી તરીકે પણ ઓળખવામાં આવે છે,** આ દિવસે ભગવાન વિષ્ણુની પૂજા, આમળાના વૃક્ષનું પૂજન, દાનપુણ્ય, બ્રાહ્મણ ભોજન અને જરૂરિયાતમંદોની સેવા કરવાનું વિશેષ મહત્ત્વ છે.

'અક્ષય' શબ્દનો અર્થ થાય છે જેનો ક્યારેય ક્ષય ન થાય, જેનો નાશ ન થાય અથવા જે સદાય ટકી રહે. એવી ધાર્મિક માન્યતા છે કે આ દિવસે શ્રદ્ધા અને સદ્‌ભાવનાથી કરવામાં આવેલાં સત્કર્મોનું પુણ્ય અક્ષય રહે છે આથી આ તિથિનું નામ અક્ષય નવમી પડ્યું છે. આ પર્વ આપણને માત્ર ધાર્મિક વિધિઓ કરવાની પ્રેરણા આપતું નથી પરંતુ જીવનમાં સદ્‌ગુણો, પરોપકાર, પ્રકૃતિપ્રેમ, સેવાભાવ અને આધ્યાત્મિક ચેતનાનો વિકાસ કરવાનો સંદેશ પણ આપે છે.

અક્ષય નવમીનું પૌરાણિક મહત્ત્વ: પૌરાણિક પરંપરામાં અક્ષય નવમીને સતયુગના આરંભ સાથે પણ જોડવામાં આવે છે. આથી તેને 'સતયુગાદિ નવમી' કહેવામાં આવે છે. સતયુગને સત્ય, ધર્મ, તપ, દયા અને પવિત્રતાનો યુગ માનવામાં આવે છે. આ માન્યતા પાછળનો આધ્યાત્મિક ભાવ એવો છે કે મનુષ્યે પોતાના જીવનમાં પણ સતયુગ જેવી પવિત્રતા સ્થાપિત કરવી જોઈએ. અસત્યને છોડીને સત્યનો સ્વીકાર કરવો, સ્વાર્થને છોડીને પરોપકાર કરવો, અહંકારને છોડીને નમ્રતા કેળવવી અને દુર્ગુણોનો ત્યાગ કરીને સદ્‌ગુણો અપનાવવા જોઈએ. આ દિવસને યુગાદિ તિથિ તરીકે ઓળખાવતી પૌરાણિક પરંપરાનો ઉલ્લેખ ભવિષ્ય પુરાણ અને અન્ય ધાર્મિક ગ્રંથોની પરંપરામાં મળે છે. અક્ષય નવમીના દિવસે કરવામાં આવતાં શુભ કાર્યોનું ફળ ક્યારેય ક્ષીણ થતું નથી એવી ધાર્મિક શ્રદ્ધા આ પર્વનું મુખ્ય આકર્ષણ છે.

આમળાના વૃક્ષનું પૂજન અને તેનું મહત્ત્વ:



અક્ષય નવમીને આમળા નવમી કહેવાનું મુખ્ય કારણ આ દિવસે આમળાના વૃક્ષની પૂજા કરવાની પરંપરા છે. આમળાને સંસ્કૃતમાં 'આમલકી' અને 'ધાત્રી' કહેવામાં આવે છે. ધાત્રીનો અર્થ થાય છે માતાની જેમ પોષણ આપનાર. આયુર્વેદમાં પણ આમળાને અત્યંત ગુણકારી ફળ માનવામાં આવ્યું છે, તે શરીરના સ્વાસ્થ્ય અને પોષણ માટે ઉપયોગી છે. ધાર્મિક માન્યતા પ્રમાણે આમળાના વૃક્ષમાં ભગવાન વિષ્ણુનો વાસ છે તેથી કારતક માસમાં ખાસ કરીને અક્ષય નવમીના દિવસે આમળાના વૃક્ષની પૂજા કરવામાં આવે છે. પદ્મપુરાણના કાર્તિક મહાત્મ્યમાં ધાત્રીવૃક્ષની મહિમા વર્ણવવામાં આવી છે, તેમાં આમળાનાં પાન અને ફળ દ્વારા શ્રીહરિની પૂજા કરવાનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. કારતક માસમાં આમળાના વૃક્ષની છાયામાં ભોજન કરવાનું પણ પુણ્યપ્રદ માનવામાં આવ્યું છે. આ દિવસે ભક્તો આમળાના વૃક્ષને જળ અર્પણ કરી કંકુ, ચોખા, પુષ્પ અને દીપથી પૂજન કરે છે. વૃક્ષના થડની આસપાસ કાચા સૂતરનો દોરો વીંટાળીને પ્રદક્ષિણા કરે છે. ભગવાન વિષ્ણુનું સ્મરણ કરીને પરિવારના સુખ, શાંતિ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. આમળાના વૃક્ષ નીચે પરિવારજનો સાથે બેસીને ભોજન કરવાની પણ પરંપરા છે. ભોજન પહેલાં ભગવાનને ભોગ ધરાવવામાં આવે છે અને ત્યારબાદ જરૂરિયાતમંદોને ભોજન કરાવીને પ્રસાદ ગ્રહણ કરવામાં આવે છે. આ પરંપરામાં એક સુંદર પ્રકૃતિસંદેશ પણ છૂપાયેલો છે. વૃક્ષો માત્ર લાકડું, ફળ કે છાંયો આપતાં સાધન નથી પરંતુ સમગ્ર જીવસૃષ્ટિના જીવનનો આધાર છે. વૃક્ષોનું જતન કરવું, નવા વૃક્ષો વાવવાં અને પ્રકૃતિનું રક્ષણ કરવું એ પણ એક પ્રકારની ઈશ્વરસેવા છે.



ભગવાન વિષ્ણુની ઉપાસનાનું મહત્ત્વ:



કારતક માસ ભગવાન વિષ્ણુની ઉપાસના માટે વિશેષ પવિત્ર માનવામાં આવે છે. આ માસમાં ભગવાન વિષ્ણુને તુલસીદળ, દીપદાન, જપ, ભજન અને પૂજન અર્પણ કરવાની પરંપરા છે. અક્ષય નવમીના દિવસે ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીનું સ્મરણ કરીને ભક્તો સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આધ્યાત્મિક પ્રગતિ માટે પ્રાર્થના કરે છે. ભગવાન વિષ્ણુ સૃષ્ટિના પાલનહાર છે. તેમનું જીવનદર્શન આપણને સૃષ્ટિમાં સંતુલન ધર્મની સ્થાપના



અને જીવમાત્રના કલ્યાણનો સંદેશ આપે છે. આથી વિષ્ણુપૂજાનો સાચો ભાવ માત્ર મંદિરમાં પૂજા કરવા પૂરતો સીમિત ન રહેતાં જીવનમાં ધર્મ, સત્ય, કરૂણા અને ન્યાયનું પાલન કરવાનો છે.

દાનપુણ્ય અને અન્નદાનનું મહત્ત્વ: અક્ષય નવમીના દિવસે દાન કરવાનો વિશેષ મહિમા છે. અન્નદાન, જળદાન, વસ્ત્રદાન, ગૌસેવા, ગરીબો અને જરૂરિયાતમંદોની સહાય તથા સાધુસંતોની સેવા કરવી શુભ માનવામાં આવે છે. દાનનો સાચો અર્થ માત્ર પોતાની પાસે રહેલી વસ્તુ બીજાને આપી દેવાનો નથી પરંતુ બીજાના દુઃખને સમજીને તેની જરૂરિયાત પ્રમાણે સહાય કરવાનો છે. ભગવદ્ ગીતાઃ૧૭/૨૦માં ભગવાન શ્રીકૃષ્ણ દાનના ત્રણ પ્રકાર સમજાવે છે. જે દાન કોઈપણ વળતરની અપેક્ષા રાખ્યા વિના, યોગ્ય દેશ, કાળ અને પાત્રને આપવામાં આવે છે તે સાત્વિક દાન કહેવાય છે. આ શ્લોક આપણને સમજાવે છે કે દાન પાછળ પ્રસિદ્ધિ સ્વાર્થ કે બદલાની ભાવના ન હોવી જોઈએ. દાનમાં નિઃસ્વાર્થતા નમ્રતા અને કરૂણા હોવી જોઈએ. અક્ષય નવમીનો સાચો સંદેશ પણ આ જ છે કે આપણા જીવનમાંથી કોઈનું દુઃખ ઓછું થાય, કોઈ ભૂખ્યાને ભોજન મળે, કોઈ નિરાધારને સહારો મળે અને કોઈ નિરાશ વ્યક્તિના જીવનમાં આશાનો દીવો પ્રગટે તેવાં સત્કર્મો કરવાં જોઈએ.

મથુરા વૃંદાવનની પરિક્રમાનું મહત્ત્વ: અક્ષય નવમીનું મહત્ત્વ ઉત્તર ભારતમાં વિશેષ જોવા મળે છે. ખાસ કરીને મથુરા અને વૃંદાવનના બ્રજ વિસ્તારમાં આ દિવસે વિશાળ ધાર્મિક પરિક્રમા કરવામાં આવે છે. ભક્તો ભગવાન શ્રીકૃષ્ણની પાવન લીલાભૂમિનું સ્મરણ કરતાં મથુરા અને વૃંદાવન વિસ્તારમાં પરિક્રમા કરે છે. આ પરિક્રમા દરમિયાન ભજન કીર્તન અને ભગવાનનું નામસ્મરણ કરવામાં આવે છે. આ પરંપરા આપણને સમજાવે છે કે તીર્થયાત્રા માત્ર સ્થળોની મુલાકાત લેવાનું નામ નથી પરંતુ મનને પવિત્ર બનાવવાની ભક્તિભાવ જગાડવાની અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા દ્રઢ કરવાની આધ્યાત્મિક યાત્રા છે.

અક્ષય નવમીનો આધ્યાત્મિક સંદેશ: અક્ષય નવમીનું સૌથી મોટું મહત્ત્વ તેના નામમાં જ સમાયેલું છે. અક્ષય એટલે જેનો ક્યારેય ક્ષય થતો નથી. ભૌતિક જગતની દરેક વસ્તુ નાશવંત છે. ધન, સંપત્તિ, વૈભવ, શરીર અને સત્તા બધું સમયની સાથે પરિવર્તન પામે છે પરંતુ સત્કર્મો, સદ્‌વિચારો, પરોપકાર અને ભક્તિથી પ્રાપ્ત થતી આત્મિક સંપત્તિ જીવનને સાચી દિશા આપે છે.

આ પર્વ આપણને પાંચ મહત્ત્વપૂર્ણ જીવનબોધ આપે છે. મનુષ્યે પોતાના જીવનમાં હંમેશાં સારાં કાર્યો કરવાં જોઈએ. કોઈની મદદ કરવી, કોઈને દુઃખ ન પહોંચાડવું અને બીજાના જીવનમાં આનંદનું નિમિત્ત બનવું એ જ સાચું પુણ્ય છે,

વૃક્ષો આપણને પ્રાણવાયુ, ફળ, ફૂલ, છાંયો અને ઔષધિઓ આપે છે તેથી વૃક્ષોનું રક્ષણ કરવું એ પ્રકૃતિ પ્રત્યેની આપણી જવાબદારી છે,

બીજાની પાસેથી કોઈ અપેક્ષા રાખ્યા વગર સેવા કરવી એ જીવનની મહાન આધ્યાત્મિક સાધના છે,

સતયુગના આદર્શો અનુસાર સત્ય, ન્યાય, દયા, ક્ષમા અને પ્રમાણિકતાને જીવનમાં સ્થાન આપવું જોઈએ,

મનુષ્યે માત્ર બાહ્ય સુખ-સમૃદ્ધિ પાછળ દોડવાને બદલે આત્મજ્ઞાન ઈશ્વરભક્તિ અને આંતરિક શાંતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અક્ષય નવમી કેવી રીતે ઉજવવી?: આ પવિત્ર દિવસે નીચે મુજબનાં સત્કાર્યો કરી શકાય છે. વહેલી સવારે ઊઠીને સ્નાન કરી ભગવાન વિષ્ણુનું સ્મરણ કરવું, આમળાના વૃક્ષનું પૂજન અને પ્રદક્ષિણા કરવી, ભગવાન વિષ્ણુના મંત્રો વિષ્ણુસહસ્રનામ અને ભજનનું પઠન કરવું, જરૂરિયાતમંદોને અન્ન વસ્ત્ર અને આવશ્યક વસ્તુઓનું દાન કરવું, ગરીબ અને નિરાધાર લોકોને ભોજન કરાવવું, વૃક્ષારોપણ કરીને પર્યાવરણના રક્ષણનો સંકલ્પ લેવો, માતા પિતા વડીલો અને સંતોનો આદર કરવો, કોઈની સાથે વેરઝેર હોય તો ક્ષમા અને પ્રેમથી સંબંધો સુધારવા, દિવસ દરમિયાન સારા વિચારો સારા વચનો અને સારાં કાર્યો કરવાનો સંકલ્પ લેવો. આ બધી ધાર્મિક પરંપરાઓનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યના જીવનમાં પવિત્રતા, પ્રેમ, દયા અને પરોપકારની ભાવના વિકસાવવાનો છે.

૧૮ નવેમ્બર, 'નેચરોપેથી ડે'

નેચરોપેથી ફક્ત પથી નહીં પણ જીવન જીવવાની પદ્ધતિ





નેચરોપેથી એ પ્રાચીન ભારતની ચિકિત્સા પદ્ધતિ છે. જે જીવનના શારીરિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક અને સર્જનાત્મક સિદ્ધાંતો પર આધારિત છે. તેમાં મુખ્યત્વે શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવા પર ધ્યાન આપવામાં આવે છે. નેચરોપેથી એ પંચતત્ત્વ, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વીની મદદથી નિસર્ગોપચારનાં માધ્યમથી શરીરમાંથી વિજાતીય દ્રવ્યોને બહાર કાઢવાની પ્રક્રિયા છે. નિસર્ગોપચાર કેન્દ્રમાં, શરીરમાંથી દૂષિત તત્ત્વો, વિષતત્ત્વો, શરીરમાંથી દૂર કરવામાં આવે છે અને પોષક તત્ત્વોની રચના અને વૃદ્ધિ પર સંપૂર્ણ ભાર મૂકવામાં આવે છે. આ પદ્ધતિની મુખ્ય વિશેષતા એ છે કે આ પદ્ધતિનાં કોઈ પણ ઉપચારનાં પ્રયોગમાં શરીરને કોઈ પણ જાતનું નુકસાન કે આડઅસર થતી નથી.

નેચરોપથીનો પ્રચાર ભારતમાં મહાત્મા ગાંધીજીએ કર્યો છે. તે હંમેશા કહેતા પ્રાકૃતિક ચિકિત્સા કે નેચરોપેથી એ કોઈ ચિકિત્સા પદ્ધતિ નથી એ એક જીવન જીવવાની સરળ પદ્ધતિ છે.

નેચરોપેથી કેન્દ્રમાં માત્ર દર્દીના દર્દો અને રોગો પણ ધ્યાન નથી આપવામાં આવતું પરંતુ તેમના સંપૂર્ણ શરીર અને પહેલા તે કેવી રીતે પોતાનું જીવન જીવી રહ્યા હતા તેમની જીવનશૈલી કેવી હતી તે શું કામ કરતા હતા તે દરેક વ્યક્તિ વ્યક્તિના વિશે માહિતી એકત્ર કરવામાં આવે છે તેની ઉપરથી નેચરોપેથી ચિકિત્સક કુદરતી ઉપચાર ચિકિત્સક તેમને કઈ કુદરતી ઉપચાર ચિકિત્સા કરાવવી તેના વિશે સંપૂર્ણ માહિતી આપે છે. ઘણા લોકો એવું માને છે કે આયુર્વેદ અને નેચરોપથી બંને સમાન છે પરંતુ એવું નથી. પ્રાચીન સમયમાં આ બંને પદ્ધતિઓને એક ગણાતી હતી પરંતુ ત્યારબાદ આયુર્વેદમાં જ્યારે તાજી વનસ્પતિઓને સુકી વનસ્પતિઓનો ઉપયોગ તેમજ વાટી, ઘુટી કે દવાનો પ્રયોગ શરૂ થયો ત્યારથી નેચરોપેથી આયુર્વેદથી વિખુટી પડી ગઈ. કુદરતી ઉપચાર પ્રક્રિયામાં ફક્ત કુદરતી સંસાધનો અને તાજા ફળો, ફૂલો અને શાકભાજીઓનો ઉપયોગ થાય છે. વર્તમાન સમયમાં જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીની ગંભીર પરીસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે આપણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો ભાગ ગણાતી નેચરોપેથીનો પ્રયોગ કરતા રહેવું જોઈએ અને તે દ્વારા રોગ પ્રતિકારક શક્તિને વધુને વધુ મજબુત બનાવવી જોઈએ.

- **મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

એઆઈ ટેકનોલોજીમાં ભારત-અમેરિકા સાથે આવ્યા

ચીનને ટક્કર આપવા ભારત-અમેરિકા વચ્ચે એઆઈ ક્ષેત્રે ઐતિહાસિક સમજૂતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

બેઈજિંગ, તા.૧૭: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની દોડમાં ચીનના પ્રભુત્વને રોકવા માટે ભારત અને અમેરિકા સહિત વિશ્વના ઘણા દેશોએ વ્યૂહાત્મક પગલું ઉઠાવ્યું છે. ભારત મહત્ત્વની એઆઈ ટેકનોલોજી અને સપ્લાય ચેઈનની સુરક્ષા માટે અમેરિકાની આગેવાની હેઠળની નવી વૈશ્વિક પહેલમાં સામેલ થઈ ગયું છે. સાનળાન્સિસ્કો ડેક્લેરેશન ઓન ધ સિક્યોર ફાઉન્ડેશન્સ ઓફ એન્ડયોરિંગ પ્રોસ્પરિટી નામની ઐતિહાસિક સમજૂતીમાં અમેરિકા અને ભારત ઉપરાંત જાપાન, ઓસ્ટ્રેલિયા, ઈઝરાયેલ, બ્રિટન, દક્ષિણ કોરીયા, કતાર અને યુએઈએ સહી કરી છે. જર્મની, સ્વીડન, નેધરલેન્ડ અને યુરોપીયન પંચ પણ તેનો હિસ્સો બને તેવી આશા છે. આ સમજૂતી એવા સંવેદનશીલ સમયમાં સામે આવી છે જ્યારે વોશિંગ્ટનમાં ચીનની એડવાન્સ એઆઈ ચિપ્સ સુધી પહોંચને લઈને ચિંતા વધી રહી છે. આ અંગે મળતા સમાચારો મુજબ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે તે કંપનીઓ સામે આકરી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે, જેના પર એનવિડીયાની એડવાન્સ એઆઈ ચિપ્સ ગેરકાયદે મોકલવાની શંકા છે.

એઆઈ સપ્લાય ચેઈન સુરક્ષિત કરવા ભારત સહિત નવ દેશો અમેરિકાની આગેવાની હેઠળની પહેલમાં જોડાયા

ઉલ્લેખનીય છે કે જેન્સન હુઆંગના પ્રકરણને લઈને અમેરિકા-ચીન સામસામે આવી ગયા છે. અમેરિકાને લાગી રહ્યું છે કે ચીન તેની એડવાન્સ એઆઈ ચિપ્સની ટેકનોલોજી ચોરી રહ્યું છે. તેની સામે ચીન માની રહ્યું છે કે અમેરિકા તેના પર એઆઈ મોરચે પ્રતિબંધ લાદવાના બહાના શોધી રહ્યું છે. આ સમજૂતીનો સમય ઘણો મહત્ત્વનો છે. આ રિપોર્ટ એનવિડિયાના પૂર્વ સીઈઓ જેન્સેન હુઆંગ અને કહેવાતી ચીની જાસૂસ એલિસા હુઆંગની સાથેના લગ્નેતર સંબંધોનો સ્વીકાર કરીને રાજીનામુ આપ્યા પછી આવ્યો છે. આ જાહેરાત પેક્સ સિલિકાનો નવો તબક્કો દર્શાવે છે. અમેરિકન નેતૃત્વવાળી આ પહેલનો પ્રારંભ ડિસેમ્બર ૨૦૨૫માં કરવામાં આવ્યો હતો. તેનો હેતુ એઆઈ સપ્લાયને વધારે મજબૂત બનાવવાનો અને ચીનના અંકુશવાળા ચોકપોઈન્ટ્સ પર નિર્ભરતા ઘટાડવાનો છે. અમેરિકાએ એનવિડિયા, માઈક્રોસોફ્ટ, એમેઝોન, ઓપન એઆઈ, એન્થ્રોપિક સહિત ૨૦ અન્ય કંપનીઓને નેશનલ ચેમ્પિયનનો દરજ્જો આપ્યો છે. ચીનને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. આ કાર્યક્રમ વિદેશી કંપનીઓને અને દેશોને અમેરિકાની એઆઈ ટેકનોલોજી લેવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ પ્રકારનો દરજ્જો ધરાવતી કંપનીઓને ચિપ્સ અને અન્ય ટેકનોલોજીની નિકાસ કરવાનું લાઈસન્સ મળે છે. તેમને વિદેશમાં કામ માટે સરકારી સમર્થન મળે છે અને ફેડરલ ફાઈનાન્સિંગનું એક્સેસ મળે છે. આ પહેલમાં આખી એઆઈ ઈકોસિસ્ટમનો સમાવેશ થાય છે. તેમાં સેમીકંડક્ટર, મહત્ત્વના ખનીજ, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, ઊર્જા માળખુ અને ડેટા સેન્ટરનો સમાવેશ થાય છે. વાસ્તવમાં એઆઈ સપ્લાય ચેઈન ઘણા દેશોમાં ફેલાયેલી છે. તેથી ચિપ કોઈ એક દેશમાં ડિઝાઈન કરાય, બીજા દેશના ઉપકરણોનો ઉપયોગ કરી બનાવાય અને કોઈ ત્રીજા દેશના રસ્તે મોકલાઈ હોય. તેથી કોઈ એક સરકાર પાસે આ ટેક્ટનોલોજીને સલામત રાખવી અત્યંત અઘરી બાબત છે. તેના હેઠળ ખાસ વર્કિંગ ગ્રુપ બનાવવામાં આવશે, જે નબળાઈઓને ઓળખીને સૂચનાઓનું આદાન-પ્રદાન કરશે અને એઆઈ ઉદ્યોગમાં રોકાણને આકર્ષિત કરવાનું કામ કરશે.

સ્પોર્ટ્સ ન્યુઝ

ધોનીની નિવૃત્તિના અહેવાલથી ચાહકોમાં નિરાશા

લખનઉ-રાજસ્થાન વચ્ચે ત્રણ ખેલાડીઓની અદલાબદલીની ચર્ચા

બંને ટીમો વચ્ચે ત્રણ ખેલાડીઓની અદલાબદલીની પણ ચર્ચા છે. જોકે, અન્ય બે ખેલાડીઓ અંગેની વિગતો સ્પષ્ટ થવાની બાકી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૭ : IPL 2027 શરૂ થાય તે પહેલાં જ ભારતીય ક્રિકેટ જગતમાં મોટા ફેરફારોને લઈને ચર્ચાઓ તેજ બની છે. આગામી સિઝન માટે તમામ ફ્રેન્ચાઇઝીઓએ પોતાના રિટેન અને રિલીઝ કરાયેલા ખેલાડીઓની યાદી જાહેર કરવાની છે. ૧૭ નવેમ્બર આ માટેની અંતિમ સમયમર્યાદા હોવાથી ક્રિકેટપ્રેમીઓની નજર તમામ ટીમોના નિર્ણય પર ટકેલી છે. આ દરમિયાન મહેન્દ્ર સિંહ ધોનીની નિવૃત્તિ અને ખેલાડીઓના ટ્રેડના અહેવાલોએ ભારે ચર્ચા જગાવી છે.

ચેન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની IPLમાંથી નિવૃત્તિ જાહેર કરી હોવાના અહેવાલ સામે આવ્યા છે. હવે તેઓ ટીમ સાથે મેન્ટરની ભૂમિકામાં જોવા મળશે તેવી ચર્ચા છે. ધોનીએ પોતાની કેપ્ટનશિપમાં ચેન્નાઈને અનેક વખત ચેમ્પિયન બનાવી છે. તેમના IPL કરિયરના અંતના સમાચારથી ચાહકોમાં નિરાશા જોવા મળી રહી છે. જોકે, આ અંગે સત્તાવાર પુષ્ટિની વિગતો તપાસવી જરૂરી છે.

IPL 2027 પહેલાં લખનઉ સુપર જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ખેલાડીઓના ટ્રેડને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. અહેવાલો અનુસાર, લખનઉએ અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીને રાજસ્થાનની ટીમમાં ટ્રેડ કર્યો છે. આ ડીલમાં શમીની સેલેરીમાં બે કરોડ રૂપિયાનો ઘટાડો થયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. બંને ટીમો વચ્ચે ત્રણ ખેલાડીઓની અદલાબદલીની પણ ચર્ચા છે. જોકે, અન્ય બે ખેલાડીઓ અંગેની વિગતો સ્પષ્ટ થવાની બાકી છે. બીજી તરફ, ગુજરાતની ટીમને લઈને પણ મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. સનરાઇઝર્સ હૈદરાબાદ સાથે જોડાયેલા એક ઝડપી બોલરની ગુજરાતની ટીમમાં એન્ટ્રી થવાની ચર્ચા છે. જો આ ટ્રેડને સત્તાવાર મંજૂરી મળશે તો ગુજરાતની બોલિંગ લાઇનઅપ વધુ મજબૂત બની શકે છે.

મુંબઈ ઇન્ડિયન્સ આગામી સિઝન પહેલાં ટ્રેન્ટ બોલ્ટ અને દીપક ચહર જેવા ખેલાડીઓને રિલીઝ કરી શકે છે તેવા અહેવાલો પણ સામે આવ્યા છે. હવે તમામ ફ્રેન્ચાઇઝીઓની સત્તાવાર રિટેન્શન યાદી જાહેર થયા બાદ જ IPL ૨૦૨૭ની ટીમોનું સાચું ચિત્ર સ્પષ્ટ થશે.

રવિ શાસ્ત્રીએ ટીમ ઈન્ડિયાને આપી આકરી સલાહ

દરેક વખતે ૩૦૦-૩૨૦ રન બનાવવાની જીદ છોડો : રવિ શાસ્ત્રી

મુશ્કેલ પીચ પર ધીરજથી રમવાની આપી સલાહ, ૨૬૦-૨૭૦ રન પણ બની શકે છે જીતનો મજબૂત સ્કોરઃ શાસ્ત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૭ : ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝમાં ભારતીય ટીમે ૩-૧થી જીત મેળવી હોવા છતાં બેટિંગને લઈને અનેક સવાલો ઊભા થયા છે. ખાસ કરીને મુશ્કેલ પરિસ્થિતિઓમાં ભારતીય બેટર્સની વિકેટ બચાવીને રમવાની ક્ષમતા ચિંતાનો વિષય બની છે. ત્યારે ટીમ ઈન્ડિયાના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ ભારતીય બેટર્સને મહત્ત્વપૂર્ણ સલાહ આપતાં જણાવ્યું છે કે દરેક વખતે ૩૦૦થી ૩૨૦ રન બનાવવાનું લક્ષ્ય રાખવાની જરૂર નથી. કેટલીક પીચ પર ૨૬૦થી ૨૭૦ રનનો સ્કોર પણ જીત અપાવવા માટે પૂરતો સાબિત થઈ શકે છે.

ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝ દરમિયાન ભારતીય ટીમની બેટિંગમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. ચોથી વન-ડેમાં ભારતીય ટીમ માત્ર ૮૯ રનમાં ઓલઆઉટ થઈ જતાં ટીમ મેનેજમેન્ટની ચિંતા વધી હતી. આ હાર બાદ મુખ્ય કોચ ગૌતમ ગંભીરએ પણ બેટર્સના પ્રદર્શન સામે સવાલો ઉઠાવ્યા હતા. હવે પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ પણ ગંભીરની વાતને સમર્થન આપ્યું છે. તેમના મતે ન્યૂઝીલેન્ડની પીચ અને દક્ષિણ આફ્રિકાની સંભવિત પરિસ્થિતિઓમાં ઘણી સમાનતા છે. ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં ભારતીય ટીમે આવી જ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો પડી શકે છે. રવિ શાસ્ત્રીએ ભારતીય બેટર્સને સલાહ આપતાં જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં દરેક વખતે આક્રમક બેટિંગ કરીને મોટો સ્કોર ઊભો કરવો શક્ય નથી. કેટલીક વખત પીચ અને હવામાન બેટિંગ માટે અનુકૂળ હોતાં નથી. આવા સંજોગોમાં બેટર્સે ધીરજ રાખીને વિકેટ બચાવવી અને પરિસ્થિતિ પ્રમાણે પોતાની રમત બદલવી જરૂરી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે દરેક વખતે ૩૦૦-૩૨૦ રન બનાવવાના વિચારોમાં રહેવાને બદલે ટીમે પરિસ્થિતિ અનુસાર બેટિંગ કરવી જોઈએ. કેટલીક પીચ પર ૨૬૦-૨૭૦ રન પણ મેચ જીતવા માટે પૂરતા બની શકે છે.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૧૩ નવેમ્બરે માઉન્ટ મૌંગાનુઈ ખાતે ચોથી વન-ડે રમાઈ હતી. આ મુકાબલામાં ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતાં ૩૩૩ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ભારત સામે જીત માટે ૩૩૪ રનનો લક્ષ્યાંક હતો. જોકે, ભારતીય બેટિંગ લાઇનઅપ સંપૂર્ણપણે નિષ્ફળ રહી હતી. ટીમ ઈન્ડિયા માત્ર ૨૬.૪ ઓવરમાં ૮૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યૂઝીલેન્ડે આ મેચ ૨૪૪ રનના વિશાળ અંતરથી જીતી હતી. આ હાર ભારતીય ટીમ માટે મોટો ચેતવણી સંકેત બની હતી. મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં ગૌતમ ગંભીરએ કહ્યું હતું કે ટીમ ૯૦ રનની આસપાસ ઓલઆઉટ થાય ત્યારે ચિંતા થવી સ્વાભાવિક છે. તેમના મતે સૌથી મોટી ચિંતા ઓછા રન બનાવવાની નહીં, પરંતુ માત્ર ૨૬-૨૭ ઓવરમાં આખી ટીમ સમેટાઈ જવાની છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કોઈ એવો બોલ નથી જેને રમી જ ન શકાય. ન્યૂઝીલેન્ડના બોલર મેટ હેનરીએ સારી લાઇન અને લેન્થ પર બોલિંગ કરી હતી, પરંતુ ભારતીય બેટર્સે તેનો સામનો વધુ સારી રીતે કરવો જોઈતો હતો.

૨૦૨૭નો વન-ડે વર્લ્ડ કપ દક્ષિણ આફ્રિકામાં યોજાવાનો હોવાથી ભારતીય ટીમે અત્યારથી જ મુશ્કેલ પીચ પર રમવાની તૈયારી કરવી પડશે. ત્યાંની પરિસ્થિતિઓમાં બાઉન્સ અને ઝડપી બોલિંગનો સામનો કરવો ભારતીય બેટર્સ માટે મોટો પડકાર બની શકે છે.

જમ્મુ-કાશ્મીરમાં સેનાને મળેલી મોટી સફળતા

કુલગામ હુમલાનાં માસ્ટરમાઇન્ડ સહિત ત્રણ આતંકવાદીઓ ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૭

જમ્મુ-કાશ્મીરનાં કુલગામમાં સેનાને મોટી સફળતા મળી છે. સુરક્ષા દળોએ સોમવારે અથડામણ દરમિયાન કુલગામ હુમલાનાં માસ્ટરમાઇન્ડ લતીફ ભટ્ટને ઠાર માર્યો હતો. આ ઉપરાંત અન્ય બે આતંકીઓને પણ ઠાર મારવામાં આવ્યા હતાં. કુલગામ જિલ્લામાં સુરક્ષા દળોએ રવિવારે મીર બજારની પાસે ઘેરાબંદી અને તપાસ અભિયાન શરૂ કર્યું હતું. આ ઓપરેશન સંયુક્ત સુરક્ષા દળોની તરફથી ચલાવવામાં આવી રહ્યું છે. સુરક્ષાદળો આ વિસ્તારમાં એ હુમલાખોરોને શોધી રહ્યાં હતાં જેમણે ૧૧ નવેમ્બરે સીઆરપીએફનાં જવાનો પર ગોળીબાર કર્યો હતો. હુમલા પછી આરોપી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતાં.



૧૧ નવેમ્બરે કુલગામ જિલ્લામાં તૈનાત સીઆરપીએફ જવાનો પર બાઇક સવાર અજ્ઞાત હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. આ ઘટના બપોરે ૨.૧૫ કલાકે બની હતી. હુમલામાં સીઆરપીએફનાં ત્રણ જવાન ઘાયલ થયા હતાં. ગોળીબાર પછી હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતાં. ઘટના પછી હુમલાખોરોને શોધવા સીઆરપીએફએ તપાસ અભિયાન શરૂ કર્યું હતું. ઘાયલ જવાનોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીરનાં પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખાની પાસે વન વિસ્તારમાં શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળતા સેનાનાં જવાનોએ ગોળીબાર કર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સાવજિયાં સેક્ટરનાં કનારી વિસ્તારમાં સરહદની સુરક્ષામાં તૈનાત સતર્ક જવાનોએ મોડી રાતે દોઢ વાગ્યે શંકાસ્પદ હિલચાલ જોઈ હતી

અમેરિકી રાષ્ટ્રપતિએ કર્યા ભારતીય વડાપ્રધાનના વખાણ

ક્વાડ સમિટમાં મોદી અને ટ્રમ્પે એક મંચ શેર કર્યો

ટ્રમ્પે મોદીને ગણાવ્યા ખૂબ જ મજબૂત વ્યક્તિ અને મહાન નેતા, સુપર ઇન્ટેલિજન્સ AIને ગણાવી મોટી તક; ૧૯ નવેમ્બરે ટ્રમ્પ-પુતિન-જિનપિંગની ત્રિપક્ષીય બેઠક પર દુનિયાની નજર



(સંપૂર્ણ સમાચાર સેવા)

ફિલિપાઇન્સ,તા.૧૭

આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં મહત્ત્વપૂર્ણ ગણાતી ક્વાડ સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એક જ મંચ પર જોવા મળ્યા હતા. ફિલિપાઇન્સની રાજધાની મનીલામાં ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાયેલી આ બેઠકમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાના નેતાઓ સામેલ થયા હતા. બેઠક દરમિયાન ટ્રમ્પે વડાપ્રધાન મોદીની પ્રશંસા કરતાં તેમને 'ખૂબ જ મજબૂત વ્યક્તિ' અને 'મહાન નેતા' ગણાવ્યા હતા. બીજી તરફ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને સુપર ઇન્ટેલિજન્સ ટેકનોલોજી અંગે પણ ટ્રમ્પે મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યાં હતાં.

ક્વાડ સમિટ દરમિયાન ચારેય દેશોના નેતાઓ ફોટો સેશન માટે એકસાથે આવ્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે વડાપ્રધાન મોદી તરફ ઇશારો કરીને તેમની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, મોદી ખૂબ જ મજબૂત વ્યક્તિ છે અને તેઓ તેમના મિત્ર પણ છે. ટ્રમ્પે મોદીને મહાન નેતા ગણાવતાં કહ્યું કે, દુનિયાભરમાં તેમનું સન્માન કરવામાં આવે છે.

ટ્રમ્પે જાપાનનાં વડાપ્રધાન સાને તાકાઇચીની પણ પ્રશંસા કરી હતી. આ મુલાકાતને બંને દેશો વચ્ચેના સંબંધોની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. બેઠક દરમિયાન ટ્રમ્પે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની વધતી ભૂમિકા અને ભવિષ્યની ટેકનોલોજી અંગે વાત કરી હતી. તેમણે સુપર ઇન્ટેલિજન્સને ઔદ્યોગિક ક્રાંતિ બાદની સૌથી મોટી વિકાસની તક ગણાવી હતી.

ટ્રમ્પે ક્વાડ દેશો વચ્ચે ટેકનોલોજી ક્ષેત્રે સહયોગ વધારવા માટે નવા સુપર ઇન્ટેલિજન્સ એક્સિલરેટરની પણ જાહેરાત કરી હતી. આ પહેલને ૮.૫ કરોડ ડોલરથી વધુનું સમર્થન મળવાનું જણાવાયું હતું. તેનો હેતુ ચારેય દેશો વચ્ચે નવી ટેકનોલોજી અને AI ક્ષેત્રે સહયોગ વધારવાનો છે.

ચીન સાથેના સંબંધો અને મતભેદો અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે, બંને દેશોએ પોતાના મતભેદોને સારી રીતે સંભાળ્યા છે. જોકે, બંને દેશોના કેટલાક મુદ્દાઓ પર અલગ-અલગ મંતવ્યો છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ટ્રમ્પ આગામી દિવસોમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળવાના છે.

હવે આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ચીનના શેનઝેનમાં યોજાનારી સંભવિત ત્રિપક્ષીય બેઠક ચર્ચામાં છે. APEC સમિટ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે બેઠક યોજાવાની છે.

આ બેઠકમાં વૈશ્વિક સુરક્ષા, પરમાણુ હથિયારો પર નિયંત્રણ, વેપાર અને આંતરરાષ્ટ્રીય સંબંધો જેવા મુદ્દાઓ ચર્ચામાં રહેવાની શક્યતા છે. આ ત્રણેય મહત્ત્વના દેશોના નેતાઓ વચ્ચેની મુલાકાત પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે.

આમ, એક તરફ મનીલામાં ક્વાડ દેશો વચ્ચે સહયોગની નવી દિશા નક્કી થઈ રહી છે, તો બીજી તરફ શેનઝેનમાં ત્રણ મહાસત્તાઓના નેતાઓની બેઠક વૈશ્વિક રાજનીતિ માટે મહત્ત્વપૂર્ણ બની રહી છે.

હૈદરાબાદના રેલવે સ્ટેશન પર ભયાનક આગ! ૭ બોગી લપેટમાં : ટ્રેન ખાલી હોવાથી મોટી જાનહાનિ ટળી

આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી આસપાસના કોચને પણ લપેટમાં લીધા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

હૈદરાબાદ,તા.૧૭

હૈદરાબાદના ચર્લાપલ્લી રેલવે સ્ટેશન પર સોમવારે સાંજે ભયાનક આગની ઘટના સામે આવી હતી. પ્લેટફોર્મ નંબર ૫ અને ૬ વચ્ચે મેન્ટેનન્સ માટે ઊભી રાખવામાં આવેલી એક ખાલી ટ્રેનના કોચમાં અચાનક આગ લાગી હતી. આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી આસપાસના કોચને પણ લપેટમાં લીધા હતા. કુલ સાત બોગી આગથી પ્રભાવિત થઈ હતી, જેમાં ઓછામાં ઓછી ત્રણ બોગી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હોવાનું જણાવાયું છે. દક્ષિણ મધ્ય રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રેનને મેન્ટેનન્સના કામ માટે પ્લેટફોર્મ નંબર ૫ અને ૬ વચ્ચે ઊભી રાખવામાં આવી હતી. સોમવારે સાંજે આશરે ૬:૩૦ વાગ્યે એક બોગીમાં આગ લાગી હતી. આગની જાણ થતાં જ ૬:૩૫ વાગ્યે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. શરૂઆતમાં એક કોચ સુધી મર્યાદિત રહેલી



આગ ઝડપથી બાજુની બોગીઓ સુધી ફેલાઈ ગઈ હતી.

આગની ગંભીરતા જોતા રેલવે કર્મચારીઓ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આગ અન્ય ટ્રેનો સુધી ન ફેલાય તે માટે અસરગ્રસ્ત બોગીઓને અલગ કરવામાં આવી હતી. સાવચેતીના ભાગરૂપે વીજળીનો પુરવઠો પણ બંધ કરવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડની ભારે જહેમત બાદ સાંજે લગભગ ૭:૧૫ વાગ્યા સુધીમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. રેલવે પોલીસ અને અધિકારીઓએ પણ સમગ્ર કામગીરી પર નજર રાખી હતી.

આ ઘટનામાં સૌથી મોટી રાહત એ રહી કે આગ લાગી ત્યારે ટ્રેન સંપૂર્ણપણે ખાલી હતી. બોગીઓમાં કોઈ મુસાફર હાજર ન હોવાથી કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર મળ્યા નથી. સ્ટેશન પર હાજર લોકોને પણ સાવચેતીના ભાગરૂપે સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સમયસર રેસ્ક્યુ અને ફાયર બ્રિગેડની કામગીરીને કારણે આગને અન્ય ટ્રેનો અને સ્ટેશનના મહત્વપૂર્ણ વિસ્તારો સુધી પહોંચતી અટકાવવામાં આવી હતી.

હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. દક્ષિણ મધ્ય રેલવે દ્વારા ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી કે કોઈ અન્ય ટેકનિકલ ખામીના કારણે તે અંગે હજુ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. તપાસ બાદ આગ પાછળનું ચોક્કસ કારણ અને નુકસાનની વિગત સ્પષ્ટ થવાની શક્યતા છે.

દિલ્હીમાં પ્રદૂષણથી મોટી રાહત : GRAP-3ના પ્રતિબંધો હટાવાયા, વાહનચાલકોને મળશે છૂટ

BS-III પેટ્રોલ અને BS-IV ડીઝલ વાહનો પરનાં નિયંત્રણો દૂર; બાંધકામ અને શાળાઓને પણ રાહત



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭

દેશની રાજધાની દિલ્હી અને NCR વિસ્તારમાં હવાની ગુણવત્તામાં સુધારો થતાં લોકોને પ્રદૂષણમાંથી મોટી રાહત મળી છે. એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશન (CAQM)ની GRAP સબ-કમિટીએ GRAP-૩ હેઠળ લાગુ કરવામાં આવેલા પ્રતિબંધો હટાવવાનો નિર્ણય લીધો છે. મંગળવાર, ૧૭ નવેમ્બરના રોજ દિલ્હીમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) ૨૦૪ નોંધાયો હતો. હવાની ગુણવત્તામાં સતત સુધારો જોવા મળતાં તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, GRAP-૧ અને GRAP-૨ હેઠળના નિયંત્રણો હજુ પણ યથાવત્ રહેશે.

GRAP-૩ લાગુ થયા બાદ દિલ્હી-NCRમાં જૂનાં પેટ્રોલ અને ડીઝલ વાહનોની અવરજવર પર કડક પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ખાસ કરીને BS-III અથવા તેનાથી જૂનાં પેટ્રોલ વાહનો અને BS-IV અથવા તેનાથી જૂનાં ડીઝલ વાહનોને રસ્તા પર ચલાવવા પર પ્રતિબંધ હતો.

આ પ્રતિબંધ દિલ્હી ઉપરાંત ગુરુગ્રામ, ફરીદાબાદ, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરમાં પણ લાગુ કરવામાં આવ્યો હતો. હવે GRAP-૩ હટાવી લેવામાં આવતાં આ તબક્કા હેઠળના વાહન પ્રતિબંધોમાંથી રાહત મળશે. જોકે, અન્ય લાગુ ટ્રાફિક અને પ્રદૂષણ નિયંત્રણના નિયમોનું પાલન કરવું પડશે.

પ્રદૂષણ વધતાં GRAP-૩ હેઠળ બાંધકામ અને ધૂળ ફેલાવતી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સ્ટોન ક્રશર અને ખનન પ્રવૃત્તિઓને પણ નિયંત્રણ હેઠળ લેવામાં આવી હતી. હવે GRAP-૩ની પાબંદીઓ હટતાં સંબંધિત બાંધકામ પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવાનો માર્ગ ખુલશે. જોકે, GRAP-૧ અને GRAP-૨ના નિયમો મુજબ ધૂળ અને પ્રદૂષણ નિયંત્રણનાં પગલાં લેવાનાં રહેશે.

GRAP-૩ દરમિયાન ધોરણ ૫ સુધીની શાળાઓમાં હાઈબ્રિડ શિક્ષણ પદ્ધતિ લાગુ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને શાળાએ જઈને અથવા ઓનલાઈન અભ્યાસ કરવાની સુવિધા આપવામાં આવી હતી.

આ ઉપરાંત સરકારી કચેરીઓમાં ૫૦ ટકા કર્મચારીઓને ઘરેથી કામ કરાવવા અંગે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. હવે GRAP-૩ હટાવાતાં આ તબક્કા હેઠળ લાગુ કરાયેલા નિયંત્રણોમાંથી રાહત મળશે.

દિલ્હી-NCRમાં પ્રદૂષણનું સ્તર ઘટ્યું હોવા છતાં સંપૂર્ણ રાહત આપવામાં આવી નથી. CAQM દ્વારા GRAP-૧ અને GRAP-૨ હેઠળના નિયમો ચાલુ રાખવામાં આવ્યા છે. એટલે કે બાંધકામ સ્થળોએ ધૂળ નિયંત્રણ, રસ્તાઓની સફાઈ અને પ્રદૂષણ ઘટાડવા માટેના જરૂરી પગલાં ચાલુ રાખવા પડશે.

હાલમાં AQI ૨૦૪ નોંધાતાં દિલ્હીવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, હવાની ગુણવત્તા ફરી ન બગડે તે માટે તંત્ર અને નાગરિકોએ સાવચેતી રાખવી જરૂરી છે. આગામી દિવસોમાં હવામાન અને પ્રદૂષણના સ્તર પર તંત્રની નજર રહેશે.

ઇન્ડોનેશિયામાં ૬.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭

ઈન્ડોનેશિયામાં સોમવારે વહેલી સવારે ૬.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ નોંધાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. યુએસ જિયોલોજિકલ સર્વે (USGS) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ઈન્ડોનેશિયાના તુઆલ શહેરથી આશરે ૧૫૧ કિલોમીટર પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ દિશામાં બાંદા સમુદ્રમાં હતું. ભારતીય સમય અનુસાર ૧૬ નવેમ્બરે વહેલી સવારે આશરે ૨:૪૧ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ભૂકંપની ઊંડાઈ શરૂઆતમાં આશરે ૩૫ કિલોમીટર નોંધવામાં આવી હતી, જ્યારે બાદમાં ઉપલબ્ધ માહિતી મુજબ તેની ઊંડાઈ આશરે ૬૮ કિલોમીટર હોવાનું સામે આવ્યું હતું.

ભૂકંપ બાદ USGSની PAGER સિસ્ટમ દ્વારા 'ગ્રીન એલર્ટ' જાહેર કરવામાં આવ્યું હતું. આ એલર્ટ સામાન્ય રીતે મોટા પાયે જાનમાલ અથવા સંપત્તિના નુકસાનની સંભાવના ઓછી હોવાનું સૂચવે છે.

ભૂકંપનું કેન્દ્ર સમુદ્રમાં અને પ્રમાણમાં વધુ ઊંડાઈએ હોવાથી તેની અસર સપાટી પર મર્યાદિત રહી હોવાનું માનવામાં આવે છે. આસપાસના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ પ્રકારના આંચકા અનુભવાયા હોવાના અહેવાલો સામે આવ્યા હતા.

ભૂકંપ બાદ ઈન્ડોનેશિયાની હવામાન અને ભૂકંપ સંબંધિત એજન્સી BMKG દ્વારા પણ સ્થિતિ પર નજર રાખવામાં આવી હતી. સત્તાવાર માહિતી મુજબ આ ભૂકંપથી સુનામીનું કોઈ જોખમ નથી.

હાલ સુધી પ્રાપ્ત અહેવાલો મુજબ ભૂકંપના કારણે કોઈ મોટી જાનહાનિ કે વ્યાપક સંપત્તિના નુકસાનના સમાચાર સામે આવ્યા નથી. દરિયાકાંઠાના વિસ્તારોમાં કેટલાક લોકોને આંચકા અનુભવાયા હતા, પરંતુ મોટા પાયે માળખાકીય નુકસાન નોંધાયું નથી.

ઈન્ડોનેશિયા પેસિફિક મહાસાગરના સક્રિય ભૂકંપીય વિસ્તાર 'રિંગ ઓફ ફાયર'નો મહત્વપૂર્ણ હિસ્સો છે. આ વિસ્તારમાં અનેક ટેક્ટોનિક પ્લેટો વચ્ચે સતત હિલચાલ અને અથડામણ થતી હોવાથી વારંવાર ભૂકંપ આવે છે. બાંદા સમુદ્ર પણ ભૂકંપીય રીતે સક્રિય વિસ્તારમાં આવેલો છે. આ વખતે ભૂકંપનું કેન્દ્ર સમુદ્રમાં અને નોંધપાત્ર ઊંડાઈએ હોવાથી તેની વિનાશક અસર મર્યાદિત રહી હોવાનું માનવામાં આવે છે.

બાંગ્લાદેશમાં હિન્દુ સાધુ ચિન્મય કૃષ્ણ બ્રહ્મચારીને ઢાકા જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો

કડક શાકાહારી અને વૈષ્ણવ પરંપરાના પાલનનો વકીલનો દાવો; કડક સુરક્ષા વચ્ચે ઢાકા સેન્ટ્રલ જેલમાં ટ્રાન્સફર, અગાઉના કેસોની કાર્યવાહી ચાલુ



ચિન્મય કૃષ્ણ બ્રહ્મચારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

બાંગ્લાદેશ, તા.૧૭

બાંગ્લાદેશમાં હિન્દુ સાધુ ચિન્મય કૃષ્ણ બ્રહ્મચારીને અચાનક ચિન્મય સેન્ટ્રલ જેલમાંથી ઢાકા સેન્ટ્રલ જેલમાં ટ્રાન્સફર કરવામાં આવતા વિવાદ ઊભો થયો છે. તેમને કડક સુરક્ષા વચ્ચે ઢાકા લઈ જવામાં આવ્યા હતા અને સવારે આશરે ૧૦ વાગ્યે તેમને ઢાકા સેન્ટ્રલ જેલ પહોંચાડવામાં આવ્યા હોવાનું સ્થાનિક અહેવાલોમાં જણાવાયું છે.

ચિન્મય કૃષ્ણના વકીલ અપૂર્વ કુમાર ભટ્ટાચાર્યએ કહ્યું કે, ચિન્મય કૃષ્ણ બ્રહ્મચારી આધ્યાત્મિક જીવન જીવતા સંત છે. તેમના જણાવ્યા મુજબ તેઓ બ્રહ્મચર્યનું પાલન કરે છે, કડક શાકાહારી છે અને વૈષ્ણવ પરંપરાને અનુસરે છે.

વકીલે દાવો કર્યો કે તેઓ પોતાનું ભોજન જાતે તૈયાર કર્યા વિના ખાતા નથી. આવી સ્થિતિમાં ઢાકા જેલમાં તેમની ધાર્મિક અને આહાર સંબંધિત જરૂરિયાતો કેવી રીતે પૂરી થશે તે અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી છે. વકીલના જણાવ્યા મુજબ, આ બાબત તેમના સ્વાસ્થ્ય માટે પણ મહત્વપૂર્ણ છે. ચિન્મય કૃષ્ણ બ્રહ્મચારી સામે ચટગાંવમાં થયેલી હિંસા અને અન્ય ઘટનાઓને લગતા અનેક કેસ ચાલી રહ્યા છે. ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ તેમની જામીન અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટ પરિસરમાં હિંસા ફાટી નીકળી હતી. આ દરમિયાન વકીલ સૈફુલ ઈસ્લામની હત્યા કરવામાં આવી હતી. તેમના પિતા જમાલ ઉદ્દીને આ ઘટનાને લઈને ૩૧ લોકો સામે હત્યાનો કેસ દાખલ કર્યો હતો.


આ ઉપરાંત પોલીસ પર હુમલો, સરકારી કામગીરીમાં અવરોધ, વકીલો અને અન્ય લોકો પર હુમલો તથા વિસ્ફોટક સામગ્રી ફેંકવા જેવા આરોપો હેઠળ પણ અલગ-અલગ કેસ નોંધાયા હતા.

૧ જુલાઈ ૨૦૨૫ના રોજ તપાસ અધિકારીએ ચિન્મય દાસ સહિત ૩૮ લોકોને આરોપી બનાવી ચાર્જશીટ દાખલ કરી હતી. બાદમાં ફરિયાદી તરફથી ચાર્જશીટ સામે વાંધો રજૂ કરવામાં આવ્યો હતો. ૨૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ કોર્ટે સુકાંત દત્તા સહિત ૩૯ આરોપીઓ સામેની ચાર્જશીટ સ્વીકારી હતી. ચિન્મય કૃષ્ણ દાસ સામેનો એક મહત્વપૂર્ણ કેસ ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ નોંધાયો હતો. ચટગાંવના કોતવાલી પોલીસ સ્ટેશનમાં તેમના સહિત ૧૯ લોકો સામે રાષ્ટ્રધ્વજના અપમાનના આરોપમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં રાજદ્રોહ સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ જ કેસના સંદર્ભમાં ચિન્મય કૃષ્ણ દાસની ૨૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ ઢાકામાં ધરપકડ કરવામાં આવી હતી. હવે તેમને ઢાકા જેલમાં ખસેડવામાં આવતા તેમના વકીલો દ્વારા જેલમાં સ્વાસ્થ્ય, આહાર અને ધાર્મિક જરૂરિયાતોની વ્યવસ્થા અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

આગ લાગતાં શિપિંગ કંપનીઓમાં ફફડાટ

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઓઇલ ટેન્કર બારૂદી સુરંગ સાથે અથડાયું



ટક્કર બાદ ટેન્કરના એન્જિન રૂમમાં આગ લાગી હતી અને જહાજની કામગીરી પર ગંભીર અસર પડી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૭

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં દરિયાઈ સુરક્ષાને લઈને ચિંતાજનક ઘટના સામે આવી છે. ઓમાનના ખાસાબના દરિયાકાંઠાથી આશરે ૧૩ કિલોમીટર દૂર એક ઓઇલ ટેન્કર દરિયાઈ બારૂદી સુરંગ સાથે અથડાયું હોવાની માહિતી સામે આવી છે. ટક્કર બાદ ટેન્કરના એન્જિન રૂમમાં આગ લાગી હતી અને જહાજની કામગીરી પર ગંભીર અસર પડી હતી.

બ્રિટનની મેરિટાઇમ સિક્યુરિટી એજન્સી UKMTO એ ઘટનાની જાણકારી આપી છે. પ્રાથમિક માહિતી મુજબ ટેન્કરમાં સવાર તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત હોવાનું જણાવાયું છે. જોકે, જહાજને થયેલા નુકસાનની સંપૂર્ણ વિગતો હજુ સ્પષ્ટ થઈ નથી.

ઈરાની નૌકાદળે પણ ઘટનાની પુષ્ટિ કરતાં ટેન્કરને મોટું નુકસાન થયું હોવાનું જણાવ્યું છે. ઈરાનનો દાવો છે કે જહાજ પ્રતિબંધિત દરિયાઈ વિસ્તારમાં પ્રવેશ્યું હતું અને તેની નેવિગેશન સિસ્ટમ પણ બંધ હતી. ઈરાન અગાઉથી જ આ વિસ્તારમાં જહાજોની અવરજવર અંગે ચેતવણી આપી રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દરિયાઈ સુરંગ સાથે ટેન્કરો અથડાવાની આ ચોથી ઘટના હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. અગાઉ પણ કેટલાક ઓઇલ ટેન્કરો દરિયાઈ સુરંગની અડફેટે આવ્યા હોવાના અહેવાલો સામે આવ્યા હતા. કેટલાક જહાજોમાં આગ લાગવાથી ગંભીર નુકસાન થયું હોવાનું પણ જણાવાયું છે. આ સતત ઘટનાઓને કારણે વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોમાંના એક સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં સુરક્ષાને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વધી છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વૈશ્વિક ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ માર્ગ છે. અહીંથી મોટા પ્રમાણમાં કાચું તેલ અને કુદરતી ગેસનું પરિવહન થાય છે. તેથી આ માર્ગ પર વધતી અસ્થિરતા માત્ર શિપિંગ કંપનીઓ માટે જ નહીં, પરંતુ વૈશ્વિક ઊર્જા બજાર માટે પણ મહત્વપૂર્ણ બની શકે છે.

ટેન્કરો પર સતત હુમલા અને દરિયાઈ સુરંગના જોખમને કારણે શિપિંગ કંપનીઓ માટે વીમા ખર્ચ, સુરક્ષા વ્યવસ્થા અને પરિવહન માર્ગ અંગેના જોખમો વધી શકે છે. જો આ સ્થિતિ લાંબી ચાલે તો તેલ અને ગેસના વૈશ્વિક પુરવઠા પર પણ અસર પડવાની શક્યતા છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં તણાવ વધવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં અસ્થિરતા વધવાની શક્યતા છે. ભારત જેવા મોટા ક્રૂડ આયાતકાર દેશ માટે ક્રૂડમાં તેજી આયાત બિલ, રૂપિયા અને મોંઘવારી માટે નકારાત્મક બની શકે છે. બીજી તરફ, ઓઇલ અને ગેસ સંબંધિત કંપનીઓ તથા શિપિંગ ક્ષેત્રમાં સ્ટોક-સ્પેસિફિક અસર જોવા મળી શકે છે. આગામી સત્રોમાં બજારની નજર હોર્મુઝમાંથી ઓઇલ સપ્લાય, ટેન્કર મૂવમેન્ટ અને પશ્ચિમ એશિયાની ભૂરાજકીય સ્થિતિ પર રહેશે.

અમેરિકાની મોટી બેંકોની ઓનલાઈન સેવાઓ ખોરવાઈ, ટ્રાન્ઝેક્શન પ્રક્રિયા ધીમી પડી

જેપી મોર્ગનની આંતરિક સિસ્ટમમાં સોફ્ટવેર બગથી બેંકોના વ્યવહારો અટક્યા, ગ્રાહકોને કલાકો સુધી મુશ્કેલી પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૭

સોફ્ટવેર બગથી અમેરિકન બેંકોને અસર: ટ્રાન્જેક્શન ધીમા થયા-લોકોના પૈસા અટક્યા; અગાઉ માઈક્રોસોફ્ટ-ફ્લાઈટ સેવાઓ ઠપ થઈ હતી. ન્યૂયોર્ક: અમેરિકામાં માળખાકીય સુવિધાઓ અને ડિજિટલ સિસ્ટમ પર સતત સંકટના વાદળો જોવા મળી રહ્યા છે. શુક્રવારે મોટાપાયે હવાઈ સેવા ઠપ થવા અને માઈક્રોસોફ્ટ આઉટેજ બાદ સોમવારે અમેરિકાની સૌથી મોટી બેંકોની ઓનલાઈન સેવાઓ ઠપ પડી હતી. બીજી તરફ યુનાઈટેડ એરલાઈન્સની સિસ્ટમમાં પણ ટેક્નિકલ ખામી સામે આવતા ફરી હવાઈ મુસાફરોની મુશ્કેલીમાં વધારો થયો હતો.

ન્યૂયોર્ક: અમેરિકામાં માળખાકીય સુવિધાઓ અને ડિજિટલ સિસ્ટમ પર સતત સંકટના વાદળો જોવા મળી રહ્યા છે. શુક્રવારે મોટાપાયે હવાઈ સેવા ઠપ થવા અને માઈક્રોસોફ્ટ આઉટેજ બાદ સોમવારે અમેરિકાની સૌથી મોટી બેંકોની ઓનલાઈન સેવાઓ ઠપ પડી હતી. બીજી તરફ યુનાઈટેડ એરલાઈન્સની સિસ્ટમમાં પણ ટેક્નિકલ ખામી સામે આવતા ફરી હવાઈ મુસાફરોની મુશ્કેલીમાં વધારો થયો હતો. જોકે, અમુક કલાક બાદ એરલાઈન્સે સિસ્ટમમાં સુધાર કર્યો હતો.


અમેરિકામાં ઘણી બેંકોનાં ગ્રાહકોને સોમવારે ઓનલાઈન એક્સેસ કરવા કે નાણાકીય વ્યવહારો મામલે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદો મળી હતી. બેંક ઓફ અમેરિકા, ચેઝ, જેપી મૉર્ગન, યુએસ બેંક, વેલ્સ ફાર્ગો અને ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ Zelleનાં યૂઝર્સને સેવાઓમાં સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.

દેશની સૌથી મોટી બેંક જેપી મૉર્ગન ચેઝનાં આંતરિક હાર્ડવેર સિસ્ટમમાં સોફ્ટવેરમાં સર્જાયેલ ખામીને કારણે લેવડ-દેવડ પ્રક્રિયાઓમાં વિલંબ થયો હતો. તેની અસર બેંક ઓફ અમેરિકા, સિટી ગ્રુપ સહિત બીજી બેંકોના ગ્રાહકો પર પણ પડી હતી. કારણ કે, તમામ બેંકોમાં ટ્રાન્ઝેક્શનની ગતિમાં ઘણો ઘટાડો જોવા મળ્યો હતો. ચેઝ એ આ ખામી સર્જાવવા પાછળ કોઈપણ પ્રકારના સાયબર હુમલાનો ઈન્કાર કર્યો હતો. ચેસ અમેરિકાનાં ૮.૬ કરોડથી વધુ ગ્રાહકોને સેવા આપે છે. તેની ૫ હજાર બ્રાન્ચ છે અને અમેરિકાનાં કુલ ડિપોઝિટનો ૧૦ ટકાથી વધુ ભાગ તેની પાસે છે. તેથી માત્ર ૫ હજાર જેટલી ફરિયાદોથી અસરના વ્યાપનો અંદાજ લગાવી શકાય નહીં.

મૂવી ન્યૂઝ

અક્ષય-વિદ્યા ફરી પડદા પર મચાવશે ધમાલ

‘મૌજા હી મૌજા’ની રિલીઝ ડેટ જાહેર, ફેબ્રુઆરીમાં ફિલ્મ આવશે



દિલ રાજુની આ કોમેડી-ડ્રામા ફિલ્મમાં અક્ષય કુમાર, વિદ્યા બાલન અને રાશિ ખન્ના જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

વિદ્યા બાલન અને અક્ષય કુમારની આગામી ફિલ્મ ‘મૌજા હી મૌજા’ની રાહ જોઈ રહેલા દર્શકો માટે સારા સમાચાર છે. નિર્માતા દિલ રાજુએ કહ્યું છે કે આ કોમેડી-ડ્રામા ફિલ્મ ફેબ્રુઆરી ૨૦૨૭માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. અગાઉ ફિલ્મની રિલીઝ માટે ૪ ડિસેમ્બરની તારીખ નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૭ નવેમ્બરે રિલીઝ કરવાનું પણ વિચારાયું હતું, પરંતુ હવે તેની નવી તારીખ સામે આવી છે.

હૈદરાબાદમાં રણબીર કપૂરની ફિલ્મ ‘રામાયણ’ની સફળતાની ઉજવણી માટે યોજાયેલા કાર્યક્રમમાં દિલ રાજુએ આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે, તેમની પ્રોડક્શન કંપનીએ સલમાન ખાન સાથે પણ એક ફિલ્મ બનાવી છે, જે માર્ચમાં ઈદ નિમિત્તે રિલીઝ થશે. આ ફિલ્મનું નામ ‘મોન્સ્ટર’ છે. જ્યારે અક્ષય કુમાર સાથેની ફિલ્મ ફેબ્રુઆરીમાં દર્શકો સમક્ષ આવશે.

‘મૌજા હી મૌજા’માં અક્ષય કુમાર ઉપરાંત વિદ્યા બાલન સાથે રાશિ ખન્ના પણ જોવા મળશે. ફિલ્મનું દિગ્દર્શન અનીસ બઝ્મીએ કર્યું છે. દિલ રાજુના પ્રોડક્શન હાઉસ શ્રી વેંકટેશ્વર ક્રિએશન્સ અને કેપ ઓફ ગુડ ફિલ્મ્સે મળીને તેનું નિર્માણ કર્યું છે. બીજી તરફ, ‘મોન્સ્ટર’માં સલમાન ખાન સાથે નયનતારા અને મુઝમ્મિલ ઇબ્રાહિમ જોવા મળશે. વંશી પૈડિપલ્લીના દિગ્દર્શનમાં બની રહેલી આ ફિલ્મ પણ દિલ રાજુ સાથે જોડાયેલી છે.

આમ, ૨૦૨૭ના શરૂઆતના મહિનાઓમાં દિલ રાજુની બે મોટી ફિલ્મો બોક્સ ઓફિસ પર આવશે.

સની દેઓલની ફિલ્મની રિલીઝ ફરી ટળી

સની દેઓલની ‘સૂર્યા’ હવે જાન્યુઆરીમાં થશે રિલીઝ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

આરોગ્યક્ષેત્રમાં ચાલતાં ભ્રષ્ટાચારના વિષય પર બનેલી ફિલ્મ સૂર્યા: આરંભ સે અંત તક ૨૦ નવેમ્બરે રિલિઝ થવાની હતી તે હવે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વાંધાને પગલે ફિલ્મની રિલિઝ મુલતવી રાખવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સની દેઓલની આ ફિલ્મ સેન્સર બોર્ડનું પ્રમાણપત્ર મળ્યા બાદ પંદરમી જાન્યુઆરીએ રિલિઝ કરવાની વિચારણા થઈ રહી છે. સનીના જન્મદિને ફિલ્મનો ડિજિટલ પ્રોમો રિલિઝ કરવામાં આવ્યો તેના પગલે ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ડોક્ટર સામે દર્શાવવામાં આવેલી હિંસાનો મુદ્દો ઉઠાવી કેન્દ્રીય આરોગ્ય પ્રધાનને પત્ર લખી ફરિયાદ કરી હતી. જેને પગલે હવે સેન્સરબોર્ડનું ફિલ્મને પ્રમાણપત્ર મળે એ પછી જાન્યુઆરીમાં ફિલ્મને રિલિઝ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

જો કે, ૨૦૨૬માં સની દેઓલની ચાર ફિલ્મો બોર્ડર ટુ, બટવારા ૧૯૪૭, રામાયણ અને ઈક્કા રિલિઝ થઈ છે. અગાઉ સનીની એક જ વર્ષમાં ચાર ફિલ્મો ૨૦૦૭માં બીગ બ્રધર, ફૂલ એન ફાઇનલ, અપને અને કાફિલા રજૂ થઈ હતી.

AI નહીં, મૌલિકતા જ સંગીતની સાચી ઓળખ

AI સંગીત બનાવી શકે, પણ સર્જનાત્મકતા નહીં: અનુ મલિક

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સંગીતજગતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ વધી રહ્યો છે ત્યારે જાણીતા ફિલ્મ સંગીતકાર અનુ મલિકનું માનવું છે કે ટેક્નોલોજી સંગીતકારો માટે મદદરૂપ બની શકે છે, પરંતુ મૌલિક સર્જનાત્મકતાનું સ્થાન લઈ શકતી નથી. પાંચ દાયકાથી વધુ સમયથી સંગીતક્ષેત્રે સક્રિય અનુ મલિકના મતે, સંગીતકારોએ AIનો ઉપયોગ સહાયક સાધન તરીકે કરવો જોઈએ, તેના પર સંપૂર્ણપણે નિર્ભર ન થવું જોઈએ. અનુ મલિકે જણાવ્યું હતું કે AI અગાઉના સંગીતકારો અને ગીતકારોની શૈલીનું અનુકરણ કરી શકે છે, પરંતુ સંપૂર્ણપણે નવું અને મૌલિક સર્જન કરી શકતું નથી. તેમણે કહ્યું કે, AIને સહાયક તરીકે ઉપયોગમાં લેવું જોઈએ, સર્જનાત્મકતાનો વિકલ્પ બનાવી દેવો જોઈએ નહીં. જો સંગીતકારો એવું માનવા લાગે કે હવે સર્જન કરવાની જરૂર નથી અને AI જ બધું કરી દેશે, તો તે યોગ્ય નથી.



અનુ મલિકના મતે, સારા ગીતની રચનાની શરૂઆત તેના શબ્દો અને ફિલ્મની વાર્તા સમજવાથી થાય છે. કોઈ ગીત બનાવતાં પહેલાં તેઓ ફિલ્મની સ્ક્રિપ્ટ વારંવાર વાંચે છે, જેથી પ્રસંગ અને પાત્રોની લાગણીઓને સમજી શકાય. તેમના મતે, ગીત લાંબા સમય સુધી યાદગાર રહે તે માટે તેની રચના પાછળની વાર્તા અને ભાવનાત્મક જોડાણ સમજવું જરૂરી છે. આજના સંગીતક્ષેત્રમાં દરરોજ નવાં ગીતો રજૂ થઈ રહ્યાં છે ત્યારે સાઉન્ડ અને મ્યુઝિક પ્રોડક્શનમાં વધી રહેલા પ્રયોગો વચ્ચે ગીતોના શબ્દો પર પૂરતું ધ્યાન અપાતું ન હોવાની ચિંતા પણ તેમણે વ્યક્ત કરી હતી. મલિકે કહ્યું કે, શ્રોતાઓ હંમેશાં એવા ગીતો યાદ રાખે છે, જેના શબ્દો તેમના હૃદયને સ્પર્શે છે. માત્ર વાયરલ થવું કોઈ ગીતને એવરગ્રીન બનાવતું નથી. દરમિયાન, રિયાલિટી શો ‘સા રે ગા મા પા’માં ચોથી વખત સુપર જજ તરીકે પરત ફરેલા મલિકે નવા ગાયકોની પ્રતિભાનાં વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે, ભારતમાં અસાધારણ ગાયન પ્રતિભા છે અને શોમાં મહિલા તથા પુરુષ સ્પર્ધકોના અવાજ સાંભળીને તેઓ પ્રભાવિત થયા છે. યુવા સંગીતકારો અને શ્રોતાઓ તેમનાં જૂનાં ગીતોને નવી રીતે રજૂ કરી રહ્યા છે તે બાબતથી પણ તેઓ ખુશ છે. તેમના મતે, આ નવી રજૂઆતોમાં પણ ગીતોની મધુરતા અને મૂળ સંગીતરચનાની વિશેષતા જ ઊભરી આવે છે.

ફિલ્મોમાં મર્દાનગીના દેખાડા સામે પંકજ ત્રિપાઠીએ વ્યક્ત કરી નારાજગી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અભિનેતા પંકજ ત્રિપાઠી આ વખતે પોતાનાં ગંભીર અને કોમિક રોલથી અલગ અંદાજમાં રોમેન્ટિક કોમેડી ફિલ્મ ‘પારિવારિક મનુરંજન’માં જોવા મળી રહ્યા છે. અદિતિ રાવ હૈદરી સાથેની આ ફિલ્મ ૧૩ નવેમ્બરે સોની લિવ પર રિલીઝ થઈ છે. ફિલ્મનાં પ્રમોશન દરમિયાન એક ઈન્ટરવ્યુમાં પંકજે આજના સિનેમામાં બદલાતી વાર્તાઓ, રોમેન્ટિક હીરો બનવાના અનુભવ અને પુરુષત્વની બદલાતી વ્યાખ્યા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ફિલ્મની વાર્તા તેમને એટલી પસંદ પડી હતી કે સ્ક્રિપ્ટ વાંચ્યાના બીજા જ દિવસે તેમણે ફિલ્મ કરવાની સંમતિ આપી દીધી હતી.

પંકજના જણાવ્યા અનુસાર, તેમને વાસ્તવિક જીવનની નજીક હોય તેવી સાદી અને સહજ વાર્તાઓ પસંદ છે. આજકાલ ફિલ્મોમાં દર્શકોને ચોંકાવવાના હેતુથી અનેક પ્રયોગો અને ગિમિક્સનો ઉપયોગ થાય છે, જેના કારણે સામાન્ય જીવન સાથે જોડાયેલી વાર્તાઓ ઓછી જોવા મળે છે. ફિલ્મમાં પંકજ રંજન દુબે નામના આધેડ ઉંમરે પહોંચેલા કુંવારા વ્યક્તિની ભૂમિકા ભજવે છે, જેના જીવનમાં એક હાઉસકીપરના આગમનથી પરિવર્તન આવે છે. પંકજે કહ્યું કે, પાત્રના વિચારો પોતાના વિચારો સાથે મળતા હોવાથી તેને ભજવવું વધુ પડકારજનક બન્યું હતું. જોકે, તેમણે ક્યારેય પરંપરાગત રોમેન્ટિક હીરો બનવાની ઇચ્છા રાખી નહોતી.



ફિલ્મના સંવાદમાં ‘બીટા’માંથી ‘આલ્ફા’ બનવાની વાતને લઈને પંકજે કહ્યું કે, તેમના મતે સાચો આલ્ફા મેલ એવો માણસ છે, જેને પોતાની મર્દાનગી સાબિત કરવા છાતી ઠોકવાની જરૂર પડતી નથી. તેમણે હિન્દી ફિલ્મોમાં મર્દાનગીના દેખાડાની માનસિકતા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. પેઢીઓથી પુરુષો માટે નક્કી કરવામાં આવેલી રૂઢિચુસ્ત માન્યતાઓ બદલવાની જરૂરિયાત વ્યક્ત કરતા તેમણે કહ્યું કે થોડા જાગૃત અને સંવેદનશીલ બનવામાં કંઈ ખોટું નથી.

રાષ્ટ્રપતિ ભવનમાં પીએમ શ્રી ઇએમઆરએસ શેલટી શાળાના ચાર વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપતિ સાથે કર્યો સીધો સંવાદ

જનજાતીય ગૌરવ પખવાડામાં મળ્યો ઐતિહાસિક અવસર, સીલેટ, નીટ અને સીબીએસઈ બોર્ડ પરીક્ષાની ઉપલબ્ધીથી રાષ્ટ્રીય સ્તર પર બનાવી ઓળખ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૧૭

દાનહની પીએમશ્રી એકલવ્ય મોડલ આવાસીય શાળા સેલ્ટીના ચાર વિદ્યાર્થીઓએ જનજાતીય ગૌરવ પખવાડા અંતર્ગત નવી દીલ્હીમાં મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી સંવાદ કરવાનો અવસર મળ્યો હતો.જનજાતીય અંચલ પ્રતિભાએ દેશના સર્વોચ્ચ સંવૈધાનિક સંસ્થા રાષ્ટ્રપતિ ભવન સુધી પોતાની ઓળખ બનાવી છે.

રાષ્ટ્રપતિ સાથે સીધો સંવાદનો આ આ અવસર વિદ્યાર્થીઓ માટે જીવનભર યાદ રેહનાર અનુભવ બન્યો આ ઉપ્લબ્ધીએ શાળા સહિત પ્રદેશનું ગૌરવ વધાર્યું છે.

શાળાની પ્રતિભાશાળી વિદ્યાર્થીની કલ્પનાબેને સીલેટ પાસ કરી ગુજરાત નેશનલ લો યુનીવર્સીટી સેલવાસમાં પ્રવેશ મેળવ્યો છે. વિધિ વઘમારિયાએ નીટ પાસ કરી એમબીબીએસમા પ્રવેશ મેળવ્યો. જીતેશે સીબીએસસી ધોરણ દસ અને અંજલિ ભુસારાએ ધોરણ ૧૨ની બોર્ડ પરિક્ષામાં શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો.

આ ઉપલબ્ધી સાબિત કરે છે કે, જનજાતીય અંચલના વિદ્યાર્થીઓમાં પ્રતિભા અને ક્ષમતાની કોઈ કમી નથી. યોગ્ય અવસર ગુણવત્તાપૂર્ણ શિક્ષણ અને સમર્પિત માર્ગદર્શનથી તેઓ રાષ્ટ્રીય મંચ પર પોતાની ઓળખ બનાવી રહ્યા છે. શાળાના આચાર્ય શ્રી રાકેશ કુમાર અને સમસ્ત શિક્ષક પરિવારે ચાર વિદ્યાર્થીઓ એમના વાલીઓ અને માર્ગદર્શક



શિક્ષકોએ શુભકામના આપી હતી. ચાર વિદ્યાર્થી રાષ્ટ્રપતિ ભવનમાં સંવાદ અને સફળતાની ચાર મિશાલ પીએમ શ્રી ઈએમઆરએસ શેલટીએ સિદ્ધ કર્યું કે, જનજાતીય પ્રતિભા હવે દેશના ભવિષ્યનું નેતૃત્વ કરવા તરફ અગ્રેસર છે.

શિંદે-ઠાકરે ફરી એક થશે? સામે આવી મોટી શરત

મહારાષ્ટ્રમાં ફરી નવા રાજકીય સમીકરણોના એંધાણ

નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના તરફથી ઉદ્ધવ ઠાકરે જૂથને સાથે આવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મહારાષ્ટ્ર,તા.૧૭

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા રાજકીય ફેરફારના એંધાણ જોવા મળી રહ્યા છે. NCPના બંને જૂથોના સંભવિત વિલયની ચર્ચા વચ્ચે હવે શિવસેનાના શિંદે અને ઉદ્ધવ ઠાકરે જૂથના એકીકરણની અટકળોએ પણ જોર પકડ્યું છે. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના તરફથી ઉદ્ધવ ઠાકરે જૂથને સાથે આવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી પ્રતાપ જાધવે આ અંગે મહત્વનું નિવેદન આપતાં કહ્યું છે કે ઉદ્ધવ ઠાકરે જૂથ શિંદે જૂથ સાથે વિલય કરી શકે છે, પરંતુ તેના માટે બાળાસાહેબ ઠાકરેના આદર્શોને સ્વીકારવાની શરત રહેશે.

જોકે, આ પ્રસ્તાવ અંગે ઉદ્ધવ ઠાકરે જૂથ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

પ્રતાપ જાધવે જણાવ્યું હતું કે



અગાઉના કેટલાક નેતાઓ શિવસેનાની મૂળ નીતિઓથી દૂર થઈ ગયા હતા, જેના કારણે તેઓ એકનાથ શિંદે સાથે ગયા હતા. તેમના જણાવ્યા મુજબ, શિંદે બાળાસાહેબ ઠાકરેના આદર્શોનું પાલન કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે જો ઉદ્ધવ ઠાકરે જૂથના નેતાઓ પણ બાળાસાહેબ ઠાકરેના વિચારો અને આદર્શોને સ્વીકારતા હોય, તો તેમનું સ્વાગત છે. આ નિવેદન બાદ બંને જૂથોના સંભવિત એકીકરણ અંગે રાજકીય ચર્ચા વધુ તેજ બની છે.

શિવસેનાના નેતા ચંદ્રકાંત રઘુવંશીએ પણ બંને નેતાઓના ફરી સાથે આવવાની સંભાવનાને લઈને સકારાત્મક વાત કરી છે. તેમણે કહ્યું કે જો ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે ફરી એક થાય તો તે મહારાષ્ટ્ર માટે ખુશીની વાત હશે.

સાંસદ ઓમરાજ નિમ્બાલકરે પણ બંને શિવસેના જૂથો એક થાય તો તેનો લાભ સામાન્ય જનતાને થઈ શકે તેવી વાત કરી છે. જોકે, હાલ આ અંગે કોઈ ઔપચારિક રાજકીય પ્રક્રિયા શરૂ થઈ હોવાની પુષ્ટિ થઈ નથી.

બીજી તરફ NCPના બંને જૂથોના સંભવિત વિલયને લઈને પણ મહારાષ્ટ્રમાં ચર્ચા ચાલી રહી છે. શિવસેના UBT ના નેતા સંજય રાઉતે આ પ્રકારની અટકળો અંગે શરદ પવાર પર નિશાન સાધ્યું છે. તેમણે દાવો કર્યો કે આવી અફવાઓથી શરદ પવારની રાજકીય છબીને નુકસાન થઈ શકે છે. NCPના બંને જૂથોના વિલય અંગે હજુ સુધી સ્પષ્ટ ચિત્ર સામે આવ્યું નથી. એક તરફ સુપ્રિયા સુલેએ આવા કોઈપણ પ્રસ્તાવને નકારી કાઢ્યો છે, તો બીજી તરફ છગન ભુજબળ અને NCPના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરે વિલયની તરફેણમાં નિવેદનો આપ્યા છે.

શિવસેના અને NCP બંનેમાં જૂથબંધી બાદ હવે ફરી એકીકરણની ચર્ચા શરૂ થતાં મહારાષ્ટ્રના રાજકારણમાં નવા સમીકરણોની શક્યતાઓ અંગે અટકળો તેજ બની છે.

જોકે, બંને પક્ષોના નેતાઓના નિવેદનો વચ્ચે હજુ કોઈ સત્તાવાર નિર્ણય સામે આવ્યો નથી. તેથી શિંદે અને ઠાકરે જૂથ ખરેખર ફરી એક થશે કે નહીં, તે આગામી દિવસોમાં જ સ્પષ્ટ થશે.

CNGના ભાવમાં ભડકો

ગુજરાત ગેસે પ્રતિ કિલો ૫ રૂપિયાનો વધારો ઝીંક્યો

ગુજરાત ગેસનો CNG ભાવ રૂ. ૮૮.૭૬થી વધીને રૂ. ૯૩.૭૬ પ્રતિ કિલો થયો : નવો ભાવ રાતથી અમલી બન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૭

મોંઘવારીનો સામનો કરી રહેલા વાહનચાલકો માટે વધુ એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. પેટ્રોલ અને ડીઝલ બાદ હવે CNGના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. અદાણી ગેસ બાદ ગુજરાત ગેસે પણ CNGના ભાવમાં પ્રતિ કિલો ૫ રૂપિયાનો વધારો ઝીંક્યો છે. આ વધારા સાથે ગુજરાત ગેસનો CNG ભાવ રૂ. ૮૮.૭૬થી વધીને રૂ. ૯૩.૭૬ પ્રતિ કિલો થયો છે. નવો ભાવ રાતથી અમલી બન્યો છે.

મોંઘવારીનો માર સહન કરી રહેલા વાહનચાલકો માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. પેટ્રોલ-ડીઝલ બાદ હવે CNGના ભાવમાં પણ ભડકો થયો છે. અદાણી ગેસ બાદ ગુજરાત એનર્જી એટલે કે ગુજરાત ગેસે પણ CNGના ભાવમાં પ્રતિ કિલો ૫ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંક્યો છે. આ ભાવવધારા સાથે ગુજરાત ગેસનો CNGનો ભાવ ૮૮.૭૬ રૂપિયાથી વધીને સીધો ૯૩.૭૬ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. નવો ભાવ રાતથી જ અમલી બન્યો.

ચાર મહિનામાં બીજી વખત CNGના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ ૧૮ ઓગસ્ટે પણ ૩.૭૫ રૂપિયાનો વધારો ઝીંકાયો હતો. બીજી તરફ અદાણી ગેસે તો માત્ર ૧૩ દિવસમાં બે વખત ભાવવધારો કરીને CNGના ભાવ ૧૦૦.૭૭ રૂપિયા સુધી પહોંચાડી દીધા.

CNGના ભાવમાં સતત વધારાથી હવે રિક્ષાચાલકો,



ટેક્સીચાલકો અને CNG કારચાલકોના ખિસ્સા પર સીધી અસર પડશે. ગેસ ભરાવવાનો ખર્ચ વધશે તો પરિવહન ખર્ચમાં પણ વધારો થવાની શક્યતા છે. અંતે આ વધારાનો બોજ સામાન્ય નાગરિકોના ખિસ્સા પર જ પડશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ચાર મહિનામાં CNGના ભાવમાં બીજી વખત વધારો કરવામાં આવ્યો છે. અગાઉ ૧૮ ઓગસ્ટના રોજ પણ પ્રતિ કિલો રૂ. ૩.૭૫નો વધારો કરવામાં આવ્યો હતો. બીજી તરફ, અદાણી ગેસે પણ માત્ર ૧૩ દિવસમાં બે વખત ભાવવધારો કર્યો છે, જેના પગલે CNGનો ભાવ ૧૦૦.૭૭ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચ્યો છે. ગેસ ભરાવવાનો ખર્ચ વધતાં વાહનચાલકોનું માસિક બજેટ ખોરવાઈ શકે છે. ખાસ કરીને રોજીરોટી માટે વાહન ચલાવતા રિક્ષા અને ટેક્સીચાલકોની આવક પર પણ તેની અસર થવાની શક્યતા છે. જો વાહનચાલકો વધેલા ખર્ચની ભરપાઈ કરવા ભાડામાં વધારો કરે તો તેની અસર સામાન્ય મુસાફરોના ખિસ્સા પર પણ પડી શકે છે. આમ CNGના વધેલા ભાવે વાહનચાલકોની સાથે સામાન્ય નાગરિકોની ચિંતામાં પણ વધારો કર્યો છે.

દર્શન માટે એક-એક કિલોમીટર લાંબી કતારો

જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતિએ વીરપુર બન્યું જલારામમય

(સંપૂર્ણ સમાચાર સેવા)
વીરપુર, તા.૧૭

જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડોના સેવામંત્રને જીવનમાં ઉતારનાર સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. બાપાની જન્મભૂમિ વીરપુરમાં દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ મંદિરની બંને બાજુ અંદાજે એક-એક કિલોમીટર સુધી ભક્તોની લાંબી કતારો લાગી હતી. સમગ્ર વીરપુર નગરીને દુલ્હનની જેમ શણગારવામાં આવતાં અહીં જાણે બીજી દિવાળી ઉજવાતી હોય તેવો માહોલ સર્જાયો હતો. જલારામ બાપાની જન્મજયંતિના પાવન અવસરે પ્રથમ આરતી અને દર્શનનો લાભ લેવા માટે ભક્તો મોડી રાતથી જ વીરપુર પહોંચવા લાગ્યા હતા. વહેલી સવારે જલારામ બાપાના પરિવારજનો દ્વારા બાપાની સમાધિ પર પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ નિજ મંદિરમાં પ્રથમ આરતી ઉતારવામાં આવી અને ભક્તો માટે દર્શન ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં.



મંદિરમાં ભક્તોને સરળતાથી દર્શન થઈ શકે અને પ્રસાદનો લાભ મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતાં સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું. જન્મજયંતિની ઉજવણીને લઈને સમગ્ર વીરપુરને આકર્ષક રીતે શણગારવામાં આવ્યું છે. શહેરનાં ઘરો અને દુકાનો પર રંગબેરંગી રોશની કરવામાં આવી છે. ઠેરઠેર આકર્ષક રંગોળીઓ પૂરવામાં આવી છે, જ્યારે ઘરના પ્રવેશદ્વારે આસોપાલવનાં તોરણ બાંધવામાં આવ્યાં છે. ગેસ્ટ હાઉસ અને મુખ્ય માર્ગો પર પણ વિશેષ સુશોભન કરવામાં આવ્યું છે. સમગ્ર નગરીમાં ઉત્સવનો માહોલ છવાયો છે અને ઠેરઠેર જલારામ બાપાના જયઘોષ સંભળાઈ રહ્યા છે.

જન્મજયંતિ નિમિત્તે વીરપુરમાં જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના મુખ્ય માર્ગો અને વિવિધ ચોકમાં બાપાના જીવનચરિત્ર, સેવાકાર્યો અને ઉપદેશોને દર્શાવતી આકર્ષક ઝાંખીઓ તથા ફ્લોટ તૈયાર કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત બાપાની ૨૨૭મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ૨૨૭ કિલો બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વીરપુર તરફ આવતા માર્ગો પર ભક્તોની સુવિધા માટે સેવાભાવી સંસ્થાઓ અને સ્થાનિક લોકો દ્વારા ઠેરઠેર પાણી, સરબત અને છાશનાં પરબ શરૂ કરવામાં આવ્યાં હતા. વિવિધ સ્થળોએ પ્રસાદ વિતરણની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. દૂર-દૂરથી આવતા ભક્તોને કોઈ અગવડ ન પડે તે માટે સેવાભાવી લોકો ખડેપગે સેવા આપી રહ્યા હતા.

જલારામ બાપાના મંદિરની વિશેષતા એ છે કે છેલ્લા ૨૬ વર્ષથી અહીં દાન કે ભેટસોગાદ સ્વીકારવામાં આવતી નથી. બીજી તરફ, મંદિરનું અન્નક્ષેત્ર બે સદીઓથી વધુ સમયથી અવિરત સેવા આપી રહ્યું છે. જલારામ બાપાના સેવા એ જ પરમ ધર્મના સંદેશને સાર્થક કરતું આ અન્નક્ષેત્ર આજે પણ અનેક લોકોની ભૂખ સંતોષવાનું કાર્ય કરી રહ્યું છે.

ગેસનો બાટલો લગાવ્યાની ૨૦ મિનિટમાં ભયાનક બ્લાસ્ટ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત, તા.૧૭

શહેરના રાંદેર વિસ્તારમાં ગેસના બાટલામાં થયેલા ભયાનક બ્લાસ્ટની ઘટના સામે આવી છે. રાંદેરના પાયકવાડ વિસ્તારમાં ભારત ગેસનો નવો બાટલો લગાવ્યાની ગણતરીની મિનિટોમાં જ જોરદાર વિસ્ફોટ થતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે મકાનને ભારે નુકસાન પહોંચ્યું હતું અને ઘરમાં રહેલો મોટાભાગનો સામાન આગની લપેટમાં આવી બળીને ખાક થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, પરિવાર દ્વારા બે દિવસ અગાઉ ભારત ગેસનો બાટલો નોંધાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સોમવારે સવારે ગેસનો બાટલો ઘરે લાવવામાં આવ્યો હતો અને તેને લગાવવામાં આવ્યો હતો. જોકે, બાટલો લગાવ્યાના માત્ર ૧૫થી ૨૦ મિનિટમાં જ અચાનક જોરદાર બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટના કારણે ઘરમાં આગ ફાટી નીકળી હતી અને ઘરવખરીને ભારે નુકસાન થયું હતું.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ અને પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ફાયર વિભાગના જવાનોએ આગ પર કાબૂ મેળવવા કામગીરી હાથ ધરી હતી. જોકે, પાયકવાડ વિસ્તારની ગલીઓ અત્યંત સાંકડી હોવાના કારણે ફાયર બ્રિગેડનાં વાહનોને ઘટનાસ્થળે પહોંચવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ગેસનો બાટલો લગાવ્યાના ગણતરીના સમયમાં જ બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાયો હતો. બ્લાસ્ટનું ચોક્કસ કારણ જાણવા તપાસ જરૂરી બની છે. ગેસ લીકેજ કે અન્ય કોઈ ટેકનિકલ ખામીને કારણે વિસ્ફોટ થયો હતો તે અંગે તપાસ બાદ જ હકીકત બહાર આવશે.

CHANGE OF NAME

I have changed my name from (Old name) Rabiya to **(New name) Afsana Malviya.** I will be known my new name Afsana Malviya for all official purposes as per my documents.

શુદ્ધિપત્ર

નેશનલ ક્વોલિટી મોનિટર્સ (NQM)ના પેનલમાં સામેલ થવા માટે EOI (એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ) ઓર્ડર આપવા માટે જાહેરાત નંબર No. NRIDA/NQM/October 2026નો સંદર્ભ લેવામાં આવે છે.

આથી સૂચિત કરવામાં આવે છે કે NRIDAમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ રહેશે.

વિગતવાર પાત્રતા માપદંડો અને અરજી ફોર્મેટ અથવા કોઈપણ ફેરફાર/અપડેટ માટે, કૃપા કરીને જાહેરાત/પરિપત્ર ટેબ હેઠળ, ખાલી જગ્યાઓ વિભાગમાં વેબસાઇટ www.pmgsy.nic.inની મુલાકાત લો.

CBC 35104/11/0020/2627

૧૪૧ નમૂનાઓમાંથી ૪ સબસ્ટાન્ડર્ડ અને અનસેફ જાહેર

મીઠાઈ અને ફરસાણ આરોગી લીધા બાદ ફૂડ વિભાગના રિપોર્ટ આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૧૭

તહેવારો દરમિયાન મીઠાઈ, નમકીન અને અન્ય ખાદ્યપદાર્થોની મોટા પાયે ખરીદી અને વેચાણ થતું હોય છે. આવા સમયે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તે માટે ફૂડ વિભાગ ઘટતી કાર્યવાહી કરતું હોય છે. જો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગનો નવેમ્બર મહિનાના પ્રથમ ૧૬ દિવસમાં લીધેલા સેમ્પલનો રિપોર્ટ તહેવારો પૂર્ણ થયા બાદ સામે આવ્યો છે. જેથી લોકોના મુખે એ પણ પ્રશ્ન થઈ રહ્યો છે કે હવે તહેવારો ગયા, ફૂડ કે મીઠાઈ ખાઈ પણ લીધી હવે સેમ્પલનો રિપોર્ટ જાહેર થાય તેનો શું મતલબ! આ દરમિયાન ૨,૮૩૨ કિલોગ્રામ જેટલા બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થોનો નાશ કરાયો હતો. તપાસમાં લેવામાં આવેલા ૧૪૧ નમૂનાઓમાંથી ૪ નમૂના સબસ્ટાન્ડર્ડ અને અનસેફ જાહેર થયા છે. નિયમોનું ઉલ્લંઘન કરનારા ૧૪૮ એકમોને નોટિસ ફટકારવામાં આવી છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીમાં મીઠાઈ, નમકીન, દૂધ અને દૂધની બનાવટો, મુખવાસ, બેકરી પ્રોડક્ટ્સ સહિતની વસ્તુઓના નમૂના લેવામાં આવ્યા હતા. લેબોરેટરીમાં તપાસ માટે મોકલાયેલા ૧૪૧ નમૂનાઓમાંથી ૩ નમૂના સબસ્ટાન્ડર્ડ અને ૧ નમૂનો અનસેફ જાહેર થયો. આંબાવાડીમાં આવેલી વિવેક ચાઈના ટાઉન-લારીમાંથી લેવામાં આવેલો લો ફેટ પનીરનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જણાયો હતો. માણેકચોકમાં પટેલ ચતુરભાઈ શીવરામ પાસેથી લેવાયેલો મીઠો માવો અને વટવાના શિવ શક્તિ ચવાણા એન્ડ સ્વીટ માર્ટમાંથી નામે

વર્તમાન પ્રવાહ

વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

વાપીમાં ધોળા દિવસે લૂંટના ઈરાદે આવેલ ત્રણ શખ્સોએ જ્વેલર્સ ઉપર ઘાતકી હૂમલો કર્યો : એક ઝડપાયો

અભિષેક જ્વેલર્સમાં ઘટેલી ઘટના દુકાન માલિકને અગાઉ પણ ધમકી અપાઈ હતી

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૭

વાપી ટાઉનમાં આજે મંગળવારે ધોળા દિવસે સનસનીખેજ ઘટના બની હતી. ટાઉન સ્થિત જવેલર્સ શોપના માલિક ઉપર લૂંટના ઈરાદે આવેલ ત્રણ શખ્સોએ ઘાતકી જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોર અંજામ આપી ભાગી છૂટ્યા હતા. પરંતુ સતર્કતાથી લોકોએ ત્રણ પૈકી એકને ઝડપી પાડ્યો હતો. ભરબજાર મધ્યે બનેલી ઘટનાને લઈ વેપારી આલમમાં અને લોકોમાં વ્યાપક ચકચારી મચી જવા પામી હતી.

વાપી ટાઉન બજાર મધ્યે આવેલ અભિષેક જવેલર્સ નામની શોપમાં જીવલેણ હુમલાની ઘટના ઘટી હતી. ગ્રાહકના સ્વાંગમાં ત્રણ હુમલાખોર દુકાનમાં પ્રવેશ્યા હતા. વાસ્તવિક ઈરાદો ખરીદીનો નહીં પણ લૂંટનો હતો. પરંતુ લૂંટ કરવામાં નિષ્ફળ થતા ત્રણેય શખ્સોએ શોપ સંચાલક જવેલર્સ ઉપર ઘાતકી હુમલો કરી દીધો હતો અને હુમલા બાદ ત્રણેય હુમલાખોર ભાગી છુટ્યા હતા. પરંતુ પડોશના વેપારીઓએ બુમાબુમ કરતા ભાગેલા ત્રણ હુમલાખોર પૈકી એકને લોકોએ ઝડપી લીધો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા જવેલર્સને શ્રદ્ધા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

ઘટનાની જાણ બાદ પોલીસ ઘટના સ્થળે ધસી આવી હતી. ઝડપાયેલ આરોપીની ધરપકડ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પૂછપરછમાં એક હકિકત બહાર આવી હતી કે અગાઉ એક મહિના પહેલા જવેલર્સને ધમકી પણ મળી હતી.

પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવીને ચાંપતી તપાસ હાથ ધરી હતી. ખરાબપોરે બનેલી ઘટનાને લઈ વેપારી આલમમાં ભય સાથે ચર્ચાનો વ્યાપક દોર શરૂ થઈ ગયો




હતો. જોકે એક આરોપી ઝડપાઈ ગયો હોવાથી બનાવનો ભેદ પોલીસ ઝડપથી ઉકેલી દેશે એ નક્કી છે.

વાપી બલીઠા હાઈવે ઉપર બે કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૭

વલસાડથી ભિલાડ નેશનલ હાઈવે ઉપર અકસ્માત આમ વાત બની ગઈ છે. તેવો વધુ એક અકસ્માત આજે મંગળવારે સવારના સુમારે વાપી બલીઠા પુલ નજીક સર્જાયો હતો. અકસ્માત બાદ એક તરફની હાઈવેની લાઈન ઉપર ટ્રાફિક જામ સર્જાયો હતો.

બલીઠા હાઈવે ઉપર બે કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. પરંતુ સદ્નસીબે કોઈ જાનહાની ઘટના ઘટી નહોતી. બે કાર વાહનોને સારૂ એવું નુકસાન થયું હતું તેમજ કાર સવારોને નજીવી ઈજા થઈ હતી. પરંતુ હાઈવે ઉપર જ્યારે પણ અકસ્માત સર્જાય ત્યારે ટ્રાફિકની સમસ્યા નોતરે છે. આજે પણ અકસ્માત બાદ ટ્રાફિક સમસ્યા ઉભી થઈ હતી.



બીજી વાત હાઈવેની ડિઝાઈન મુજબ વાહન એક લાઈનથી બીજી લાઈન ક્રોસ કરી શકે તેવી સ્થિતિ હોતી નથી. ક્યારેક તો ટ્રાફિકમાં એમ્બ્યુલન્સ પણ ફસાયાના ઉદાહરણ ઘણા છે. વલસાડથી ભિલાડ વચ્ચે લગભગ રોજીંદા લગાતાર અકસ્માત સર્જાતા રહે છે અને ટ્રાફિક બોનસમાં મળતો રહે છે.

જનજાતીય ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં

ચીખલી તાલુકાના રાનકુવા શાળાના ચાર વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

શિક્ષણમંત્રી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાયાં

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી(વંકાલ), તા.૧૭

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર તથા નવસારી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે ચીખલી ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં શ્રી બી.એલ.પટેલ સર્વ વિદ્યામંદિર હાઈસ્કૂલ, રાનકુવાના ચાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારનાં રાજ્યકક્ષાનાં શિક્ષણમંત્રી શ્રીમતી રીવાબા જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્રા એનાયત કરવામાં આવ્યાં હતાં.

શાળાની ધ્રુવી વિજયભાઈ પટેલ અને હેની અમિતભાઈ પટેલે ધોરણ-૧૦ની એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૬૦૦માંથી ૫૭૩ ગુણ સાથે ૯૫.૫% પરિણામ મેળવ્યું હતું. નિસર્ગ મનોજભાઈ પટેલે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૦.૭૭% ગુણ મેળવ્યા હતા, જ્યારે અવની રાજેશભાઈ પટેલે તબલાવાદન સ્પર્ધામાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ ચારેય વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને સહઅભ્યાસિક સિદ્ધિઓ બદલ રાજ્યકક્ષાએ સન્માન કરવામાં આવ્યું હતું.



-તસવીર: દિપક સોલંકી

ઉલ્લેખનીય છે કે, શ્રી બી.એલ.પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવામાં આશરે ૧,૪૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાં ૯૮ ટકાથી વધુ વિદ્યાર્થીઓ આદિવાસી સમાજ અને આદિવાસી વિસ્તારનાં છે. શાળા દ્વારા ભગવાન બિરસા મુંડાના સંઘર્ષ, સાહસ, સ્વાભિમાન અને સમાજસેવાના આદર્શોનું વિદ્યાર્થીઓમાં સતત સંસ્કારસિંચન કરવામાં આવે છે. આદિવાસી વિસ્તારનાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને યોગ્ય માર્ગદર્શન આપી તેમની પ્રતિભાને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પહોંચાડવા શાળા સતત પ્રયત્નશીલ છે.

કાર્યક્રમમાં નવસારી જિલ્લા પંચાયતનાં પ્રમુખશ્રી નિરાલીબેન નાયક, ચીખલી તાલુકા પંચાયતનાં પ્રમુખશ્રી રશ્મિકાબેન પટેલ તથા ગણદેવી તાલુકા પંચાયતનાં પ્રમુખશ્રી પુષ્પાબેન પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના આચાર્ય શ્રી સંજયકુમાર ડી.પરમારે ચારેય વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, આ સિદ્ધિ વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોના નિષ્ઠાપૂર્વકના માર્ગદર્શન અને વાલીઓના સહકારનું પરિણામ છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારનાં બાળકો રાજ્યકક્ષાના મંચ પર સન્માનિત થાય તે સમગ્ર શાળા પરિવાર માટે ગૌરવની ક્ષણ છે.

રજાના દિવસ હોવા છતાં શિક્ષિકા સપનાબેન પટેલ વિદ્યાર્થીઓને લઈને કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. શાળા વ્યવસ્થાપક મંડળ તથા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી જયેશભાઈ ચૌધરીએ પણ વિદ્યાર્થીઓ, વાલીઓ, આચાર્યશ્રી અને સમગ્ર શિક્ષકગણને અભિનંદન પાઠવ્યાં હતાં.

રાનકુવા શાળાના ચાર વિદ્યાર્થીઓનું રાજ્યકક્ષાએ થયેલું આ સન્માન આદિવાસી સમાજની પ્રતિભા અને શિક્ષણ દ્વારા ઉજ્જવળ ભવિષ્ય ઘડવાની દિશામાં પ્રેરણારૂપ બન્યું છે. અખબાર માટે સૂચિત હેડલાઈન '૧,૪૦૦ વિદ્યાર્થીઓની રાનકુવા શાળાનું ગૌરવ' જનજાતીય ગૌરવ દિવસમાં ચાર વિદ્યાર્થીઓનું રાજ્યકક્ષાએ સન્માન' કરવામાં આવ્યું હતું.

વાપીના કરવડ ખાતે થયેલા અકસ્માતમાં મૃતકનો સામાન ૧૦૮એ પારડી પોલીસને સોંપ્યો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૭

વાપી તાલુકાના કરવડ ગામે નાયરા પેટ્રોલ પંપ પાસે રાત્રિના ૮ કલાકે અકસ્માત થયાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને થતાં ઘટના સ્થળ પર પહોંચવા પહેલા ફોન ઉપર જ પ્રાથમિક સારવાર આપી હતી. ૧૦૮ ગાડી સ્થળ પર પહોંચતા પેશન્ટને હાથમાં ફ્રેક્ચર અને માથામાં ઈજા થઈ હતી હોવાનું જણાતા તેમને સ્પાઈન બોર્ડ પર લઈ સર્વાઈકલ કોલર લગાડી હાથમાં ફ્રેક્ચર હોવાથી સ્પ્લિટ કરીને એમ્બ્યુલન્સમાં લીધા પછી ઘાયલ વ્યક્તિની તપાસ કરતા સ્થળ પર જ મૃત્યુ પામ્યો હોવાનું જણાયું હતું.

ઘટના સ્થળે મૃતક પાસેથી રૂા.૪૦,૧૦૦ રોકડા અને રૂા. ૫૨ હજારના બે મોબાઈલ ફોન મળી

૧૦૮ ટીમે તપાસ કરતા ઈજાગ્રસ્તનું મોત થયું હતું પરંતુ તેની પાસેથી રોકડા રૂા. ૪૦,૧૦૦ અને બે મોબાઈલ મળી આવ્યા હતા

આવ્યા હતા. કુલ રૂા.૯૨,૧૦૦નો આ કિંમતનો સામાન ૧૦૮ની ટીમે પારડી પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો. પારડી પોલીસે ૧૦૮ ટીમના ઈએમટી શિલ્પા રાઠોડ અને પાઈલોટ પરેશ મોકાશીની ઈમાનદારી અને ફરજ પ્રત્યેની વફાદારીને બિરદાવી તેમનો આભાર માન્યો હતો. જ્યારે ૧૦૮ના પ્રોગામ મેનેજર હેમંત સોલંકીએ બંને પ્રમાણિક અને કર્મનિષ્ઠ ઈએમટી અને પાઈલોટને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ચોમાસાની વર્ષો જૂની સમસ્યાના ઉકેલ માટે

ચીખલીના બામણવેલ ગામે ઊંચાઈવાળા પુલો બનાવવા સ્થાનિક મહિલા અગ્રણી દ્વારા લેખિત રજૂઆત કરાઈ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૧૭

ચીખલી તાલુકાના બામણવેલ ગામે ચોમાસાની વર્ષો જૂની સમસ્યાના ઉકેલ માટે સ્થાનિક કોતર ઉપર બે જગ્યાએ પૂરતી ઊંચાઈવાળા પુલોના નિર્માણ માટે સ્થાનિક મહિલા અગ્રણી દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી છે.

જિલ્લા ભાજપના મહિલા મોરચાના મંત્રી શ્રીમતી માલતીબેન કલ્પેશભાઈ પટેલ દ્વારા માર્ગ મકાન પંચાયતમાં કરવામાં આવેલ લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, તેમના બામણવેલ ગામે અઢારપીરથી રાનકુવા જતા મુખ્ય માર્ગને જોડતા આંતરિક માર્ગ સ્થિત સ્થાનિક કોતર ઉપર જૂનો પુલ છે. તેના પર ચોમાસાના સામાન્ય વરસાદ પર પણ પાણી ફરી વળતા હોય છે. અને માર્ગ પરનો વાહન વ્યવહાર બંધ થઈ જતો હોય છે.

વધુમાં આ પૂલની બંને બાજુએ રેલીંગ પણ નથી જેથી અકસ્માત પણ ભય રહેતો હોય છે. આ ડૂબાવ પુલ ચોમાસામાં અવાર-નવાર પાણીમાં ગરકાવ થવા સાથે કેટલાક ઘરોમાં પણ પાણી ભરાઈ જતા હોય છે. આવી જ સ્થિતિ બામણવેલ પાટિયાથી ગામને જોડતા મુખ્ય માર્ગની પણ છે.

આમ સ્થાનિક કોતર પરના આ બંને ડૂબાવ પુલોના કારણે ચોમાસામાં અમારા બામણવેલ ગામના લોકો વર્ષોથી મુશ્કેલીનો સામનો કરતા આવ્યા છે. ત્યારે ગામના લોકોની આ વર્ષો જૂની સમસ્યાના નિવારણ માટે આ બંને માર્ગો સ્થિત સ્થાનિક કોતર પર ડૂબાવ પુલોના સ્થાને પૂરતી ઊંચાઈ વાળા નવા હાઈલેવલ પુલાનું નિર્માણ કરવામાં આવે તેવી માંગ લેખિત રજૂઆત દ્વારા માલતીબેન દ્વારા કરવામાં આવી છે.

માલતીબેન દ્વારા સક્રિયતા દાખવી બામણવેલ ગામના વિવિધ પ્રશ્નો અંગે સમયાતંરે સંબંધિત વિભાગોમાં રજૂઆત કરી લોકોની સમસ્યાના નિવારણ માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ત્યારે હવે ગામમાં નવા બ્રિજની તેમની રજૂઆત ક્યારે ફળશે તે જોવું રહ્યું.

સરીગામ જીઆઈડીસીના પાપે ટોકરખાડી બની ઝેરખાડી

ખતલવાડામાં સેંકડો માછલીઓના મોતથી પર્યાવરણ પ્રેમીઓએ આક્રોશ સાથે ઉચ્ચ સ્તરે કરેલી રજૂઆત

સરીગામ જીઆઈડીસીના કેમિકલ અને પ્લાસ્ટિક ઝોનનું એસિડિક પાણી ખાડીમાં ઠલવાતું હોવાની પ્રબળ શકયતા જોતા જીપીસીબી તાત્કાલિક નમૂના લઈ કડક કાર્યવાહી કરે તેવી ઉઠેલી પ્રબળ માંગ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા. ૧૭

ઉમરગામ તાલુકાના ખતલવાડા વિસ્તારમાંથી પસાર થતી ટોકરખાડીના પ્રદૂષિત પાણીમાં સેંકડો માછલીઓના રહસ્યમય મોત થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ખાડીના પાણી પર સફેદ ફીણની ચાદર અને કાંઠે મૃત માછલીઓના ઢગલાં જોવા મળતા સ્થાનિક રહિશો અને પર્યાવરણ પ્રેમીઓમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, સરીગામ જીઆઈડીસીના કેમિકલ, એન્જિનિયરિંગ અને ખાસ કરીને પ્લાસ્ટિક ઝોનમાં કાર્યરત કેટલાક એકમો દ્વારા કલરયુક્ત અને એસિડિક કેમિકલવાળું પાણી સીધું જ



ટોકરખાડીમાં છોડવામાં આવી રહ્યું છે. બારેમાસ વહેતા આ ઝેરી પાણીના કારણે ખાડીના જળચર જીવોનું અસ્તિત્વ જોખમાયું છે.

ખતલવાડાની ટોકરખાડીમાં મોટી માત્રામાં માછલીઓ મરવાની આ કોઈ પહેલી ઘટના નથી, અગાઉ પણ આવી ઘટનાઓ બની ચૂકી છે. સ્થાનિકોનો આરોપ છે કે પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગ સંચાલકો રાજકીય વગ ધરાવતા હોવાથી વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. આ ગંભીર ઘટનાને પગલે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પાણીના નમૂના એકત્ર કરે, પ્લાસ્ટિક ઝોન સહિતના શંકાસ્પદ એકમોની તપાસ કરે અને જવાબદાર ઉદ્યોગો સામે કડક દંડાત્મક પગલાં ભરે તેવી માંગ સાથે પર્યાવરણ પ્રેમીઓ દ્વારા ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવી છે.

વલસાડ ધરમપુર ચોકડી નજીક કંપની સાઈટ પરથી ભેદી સંજોગોમાં ૧૩ વર્ષિય સગીરાનું અપહરણ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૭

વલસાડ હાઈવે ધરમપુર ચોકડી નજીક ચોંકાવનારી ઘટના ઘટી હતી. કંપનીની સાઈટ ઉપરથી ૧૩ વર્ષીય સગીરાનું ભેદી સંજોગોમાં અપહરણ થયાની પરિવારે પોલીસે ફરીયાદ નોંધાવી છે.

વલસાડ હાઈવે ધરમપુર ચોકડી નજીક આવેલ એક કંપની સાઈટ ઉપર શ્રમિક પરિવાર રહેતો હતો. પરિવારની ૧૩ વર્ષિય સગીરા અચાનક ગુમ થઈ હતી. રાત સુધી પરિવારે આમતેમ સઘળી જગ્યાએ તપાસ કરી પણ ગુમ થયેલી દિકરીનો કયાંય પત્તો લાગ્યો નહોતો. તેથી પરિવારે પોલીસમાં દિકરીના અપહરણ જોગ ફરીયાદ નોંધાવી હતી. ગુનાની ગંભીરતાને લઈ પોલીસે તુરંત તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ તપાસ્યા તેમજ પોલીસે વિવિધ ટુકડીઓની રચના કરી ચૂસ્ત તપાસ વધારી દીધી છે.

પરિવારે કોઈ અજાણ્યા શખ્સ દ્વારા દિકરીને લલચાવી ફોસલાવી અપહરણ કરાયું હોવાનો આક્ષેપ કર્યો છે. તેથી પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ઘટનાની જાણ બાદ વિવિધ સ્થળોએ નાકાબંધી કરી દીધી હતી.

અજાણ્યા પુરૂષની લાશના વાલીવારસો-સગાં-સંબંધીઓ મોટી દમણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૭

મોટી દમણ આંબાવાડી મિટનાવાડના દરિયા(દમણગંગા ખાડી)ના પાણીમાં જંગલઝાડીમાં ફસાયેલી ડી-કમ્પોઝ હાલતમાં એક અજાણ્યા પુરૂષની લાશ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. લાશની હજુ સુધી ઓળખ થઈ શકી નથી તેથી આ લાશના જે કોઈપણ વાલીવારસો, સગાં-સંબંધીઓ તથા મિત્રોએ ઓળખવિધિ માટે મોટી દમણ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

મોટી દમણ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શ્રી પ્રકાશ જી. માહ્યાવંશી દ્વારા આપવામાં આવેલી એક અખબારી યાદી મુજબ ગત તા.૧૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૧૫ વાગ્યે મોટી દમણ પોલીસ મથકના એસ.એચ.ઓ. એક અજાણી વ્યક્તિએ ફોન કરીને



જણાવ્યું હતું કે, એક વ્યક્તિની લાશ આંબાવાડી મિટનાવાડના દરિયા(દમણગંગા ખાડી)ના પાણીમાં છે. આ જાણકારી મળતાં જ સ્થળ ઉપર જઈને જોતાં પાણીમાં જંગલઝાડીમાં ફસાયેલી એક પુરૂષની લાશ પડી હતી. ત્યારબાદ દમણ અગ્નિ શમન વિભાગને જાણ કરી હતી કર્મચારીઓને બોલાવીને તેમની મદદથી લાશને પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી. લાશને જોતાં તે ચાર કે પાંચ દિવસની હોય એવું જણાતું હતું. જેની ઉંમર લગભગ ૩૫ થી ૪૦ વર્ષની હશે. લાશની સંપૂર્ણ બોડી ડી-કમ્પોઝ થઈ ચુકી હતી. માથા ઉપરથી તમામ વાળ નીકળી ગયા હતા. મરણ જનારના શરીર ઉપર બ્લ્યુ કલરની લાંબી બાંયનું શર્ટ, બ્લ્યુ કલરની જીન્સ પેન્ટ પહેરેલી હતી. આ વ્યક્તિની આજદિન સુધી ઓળખ થઈ શકી નથી. તેથી તેમના વાલીવારસો, માતા-પિતા કે સગા-સંબંધીઓ તેમજ મિત્રોને લાશની ભાળ મેળવી ઓળખ કરવા મોટી દમણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

ચીખલીના ફડવેલ ગામે દીપડી પાંજરે પુરાઈ : દીપડી જોવા લોકો એકઠા થયા



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૧૭

ચીખલી તાલુકાના ફડવેલ ગામેથી દીપડી પાંજરે પુરાતા સ્થાનિકોને રાહત થવા પામી હતી. વન વિભાગ દ્વારા ફડવેલ ગામના જીતેન્દ્રભાઈના ખેતરમાં મૂકવામાં આવેલ પાંજરામાં સોમવારની રાત્રીના સમયે ત્રણ વર્ષીય દીપડી (માદા) પાંજરે પુરાતા સ્થાનિકો મોટી સંખ્યામાં દીપડીને જોવા એકત્ર થઈ ગયા હતા. વન વિભાગ દ્વારા દીપડીનો કબજો લઈ તબીબી તપાસ બાદ સલામત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

વાપી નજીક કોપરલી ગામના રવજી ફળીયામાં દિપડો દેખાતા ગામમાં ભયનો માહોલ છવાયો

ઘટના બાદ વનવિભાગને જાણ કરવામાં આવતા પાંઝરૂ મુકવાની તજવીજ હાથ ધરાઈ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૭

વલસાડ જિલ્લામાં અનેક ગામોમાં વારંવાર હિંસક દિપડો આવવાના બનાવો વચ્ચે વાપી નજીક કોપરલી ગામના રવજી ફળીયામાં સોમવારે રાત્રે દિપડો આવ્યો હતો. દિપડો આવ્યાની વાત ગામમાં ફેલાઈ જતા લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

વલસાડ જિલ્લામાં જંગલ વિસ્તારમાં દિપડાઓ વારંવાર ગ્રામ્ય વિસ્તારમાં આવતા રહે છે.



વાડામાં બાંધેલા પશુ કે મરઘાનો શિકાર કરતા રહે છે. તેવી વધુ ઘટના કોપરલીના રવજી ફળીયામાં ગતરાતે ઘટી હતી. નજીકના મકાન માલિકે દિપડાને ફરતો જોયો હતો તેથી અન્યોને જાણ કરી હતી. ગામમાં વાયુવેગે વાત ફેલાઈ જતા ભયનો માહોલ છવાઈ ગયો હતો. આજે મંગળવાર સવારે સંરપંચ અને અગ્રણીઓએ ઘટનાની જાણ વન વિભાગને કરી હતી. તેથી વનવિભાગે દિપડો પકડવા પાંઝરૂ ગોઠવવાની તજવીજ હાથ ધરી છે.